નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :15 APRIL 2024 I MONDAY I Page : 20 I Year : 2 I Issue : 13 I Price: 2/-


સામના મિરર
ક્ષત્રિયોની રણસંગ્રામ પાર્ટ-૨ની જાહેરાતઃ રૂપાલાની ઉમેદવારી રદ કરાવવા ૧૯મી સુધીનું અલ્ટીમેટમ

ક્ષત્રિયોની રણસંગ્રામ પાર્ટ-૨ની જાહેરાતઃ રૂપાલાની ઉમેદવારી રદ કરાવવા ૧૯મી સુધીનું અલ્ટીમેટમ

જુઓ પેજ નં.૧૫




# ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર

## યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખેડૂતોને સશક્ત બનાવવાનો દાવો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નેતૃત્વમાં ભાજપ ફરી એકવાર વિજય પથ પર આગળ વધવા તૈયારી કરી રહ્યો છે. ભાજપને આશા છે કે મોદીના નેતૃત્વમાં તેઓ સતત ત્રીજી વખત કેન્દ્રમાં સત્તામાં જીતવામાં સફળ રહેશે. આ વખતે ભાજપે ૪૦૦ પારનું લક્ષ્ય રાખ્યું છે. જો કે લોકસભા ૨૦૨૪ ચૂંટણી માટે વડાપ્રધાન મોદી તથા ભાજપના અન્ય દિગ્ગજ નેતાઓ ગૃહ મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ, જે.પી.નડ્ડા વગેરેની હાજરીમાં આજે ભાજપનો સંકલ્પ પત્ર એટલે કે ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો. તેમાં ભાજપે પ્રજાને યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાનું તેમજ વન નેશન, વન ઈલેક્શન જેવા મહત્ત્વના વચનો આપ્યા છે. ભાજપના 'સંકલ્પ પત્ર'માં વડાપ્રધાન મોદીએ લોકોને આ ગેરંટી આપી.

ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'હવે અમે સંકલ્પ કર્યો છે કે ૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધને આયુષ્માન યોજનાના દાયરામાં લાવવામાં આવશે. ૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધ, પછી ભલે તે ગરીબ હોય, મધ્યમ વર્ગ હોય કે ઉચ્ચ મધ્યમ વર્ગ, દરેકને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે.વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધન દરમિયાન કહ્યું કે 'અમારું ધ્યાન જીવનની ગરિમા , જીવનની ગુણવત્તા અને રોકાણ દ્વારા નોકરીઓ પર છે. મોદીની ગેરંટી છે કે મફત રાશન યોજના આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે. અમે સુનિશ્ચિત કરીશું કે ગરીબોને આપવામાં આવતો ખોરાક પૌષ્ટિક, સંતોષકારક અને સસ્તો હશે.

ભાજપના મેનિફેસ્ટોનું અનાવરણ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે 'આજે ખૂબ જ પવિત્ર દિવસ છે. દેશના ઘણા રાજ્યોમાં નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે, નવરાત્રીના છઠ્ઠા દિવસે, આપણે માતા કાત્યાયનીની પ્રાર્થના કરીએ છીએ. તેના બંને હાથમાં કમળ છે. આ સંયોગ બહુ મોટો છે, આજે આંબેડકર જયંતિ પણ છે. આખો દેશ ભાજપના 'સંકલ્પ પત્ર'ની રાહ જોઈ રહ્યો છે. તેની પાછળનું એક મોટું કારણ એ છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં ભાજપે તેના ચૂંટણી ઢંઢેરાના દરેક મુદ્દાને જમીન પર ગેરંટી તરીકે લાગુ કર્યા છે. આ 'સંકલ્પ પત્ર' વિકસિત ભારતના તમામ ચાર મજબૂત સ્તંભો યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખેડૂતોને સશક્ત બનાવે છે.

### ભાજપના 'સંકલ્પ પત્ર'માં વડાપ્રધાન મોદીએ લોકોને આ ગેરંટી આપી

- ૩ કરોડ વધુ નવા મકાનો બનાવશે.
- અમે તમામ ઘરો માટે સસ્તી પાઈપલાઈન ગેસ મળી રહે તે દિશામાં કામ કરીશું.
- અમે વીજળી બિલને શૂન્ય કરવા તરફ કામ કરીશું, પીએમ સૂર્યઘર વીજળી યોજના શરૂ કરવામાં આવશે.
- ઘરે મફત વીજળી, વધારાની વીજળીના પૈસા પણ મળશે.
- મુદ્રા યોજનાની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી.
- પીએમ આવાસ યોજનામાં દિવ્યાંગોને પ્રાથમિકતા આપવામાં આવશે.
- ટ્રાન્સજેન્ડર્સને આયુષ્માન ભારત યોજનાના દાયરામાં લાવવામાં આવશે
- ૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધને આયુષ્માન યોજનાના દાયરામાં લાવવામાં આવશેઃ વડાપ્રધાન મોદી



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ગીરના જંગલોમાં વસવાટ



સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતની ઓળખ સરીખી એશિયન સિંહની પ્રજાતિ ઘેરા સંકટમાંથી પસાર થઈ રહી છે. રાજ્ય સરકાર અને એના જંગલખાતાએ સિંહને રંજાડતી ઘટનાઓના આરોપીઓ પર કોઈ પગલા ન લીધા તેનું આ પરિણામ હવે સપાટી પર આવ્યું છે. ગીરનું જંગલ કે સાસણ ગીર તો એશિયાટિક લાયનની માતૃભૂમિ છે અને આ નામશેષ થવા આવેલી પ્રજાતિનું છેલ્લું વતન છે. છેલ્લા કેટલાક દિવસથી એક પછી એક સિંહના મૃતદેહો મળતા જે રીતે આંકડો ઉપર જઈ રહ્યો છે તે અંગે વન અધિકારીઓની કોઈ જવાબદારી રાજ્ય સરકારે ફિક્સ કરી નથી. તેઓને સિંહની હયાતી સલામત રાખવાના પગાર આપવામાં આવે છે છતાં જેમનો સમગ્ર ષડયંત્રમાં હાથ છે તે અધિકારીઓ ખુલ્લે આમ ફરી રહ્યા છે અને તેઓ એમ માને છે કે તેઓના કરતૂતો કોઈ જાણતું નથી જ્યારે કે ગીર પંથકમાં એવા તત્ત્વો કુખ્યાત છે. રાજ્ય સરકારે હજુ સુધી એમના પર કોઈ પગલા લીધા નથી.

એશિયાઈ સિંહ આપણા માટે ગૌરવપૂર્ણ છે અને આપણો વારસો છે. ગીર ફોરેસ્ટની આગવી ઓળખાણ આખી દુનિયામાં છે તે ગીરના જંગલોમાં વસવાટ કરતા દુર્લભ એશિયાટિક સિંહોના કારણે જ છે. જે ગુજરાતનું સૌભાગ્ય અને ગૌરવ છે. ચિંતાનો વિષય છે કે, એશિયાઈ સિંહોની રેલ્વે લાઈન પર અકસ્માતોને કારણે મુત્યુ થવાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગત ૨૦૨૦ના વર્ષમાં થયેલ સર્વે મુજબ ૬૭૪ સિંહો ગુજરાતના ગીર જંગલમાં છે.

તે ખુબ જ દુઃખની વાત છે કે, વર્ષ ૨૦૧૮ માં ૧૯૩ સિંહ અને વર્ષ ૨૦૧૯માં ૨૦૦ સિંહનું મુત્યુ રેલ્વે લાઈન પર અકસ્માતોના કારણે થયું હતું. જો આ સિંહોને રેલ્વે લાઈન ઉપર થતા અકસ્માતોથી બચાવી લેવામાં આવ્યા હોત, તો આજે કુલ વસ્તીના ૫૦ ટકાથી વધુ સિંહો જીવતા હોત. રેલ્વેની લાઈન ઉપર દુર્ઘટનાને કારણે એશિયાટિક સિંહના મુત્યુ ન થાય તે માટે નિષ્ણાતોના સૂચનો અને જે પ્લાન બનાવવામાં આવ્યો હતો તે બાબતે તાત્કાલિક યોગ્ય પગલાં ભરી  સિંહોને બચાવવામાં  આવે તો જ રેલવે ટ્રેક પરનો મૃત્યુ આંક ઘટે. બીજી બાજુ સિંહને કોલર આઈડી લગાવવાને કારણે મૃત્યુ આંક ઊંચે જઈ રહ્યો હોવાની થિયરી પણ સામે આવી છે. અંદાજે દોઢેક કિલો વજનના આ કોલર આઈડી સિંહને અનફિટ છે. જો કે વનખાતાએ જાતજાતના બચાવનામા રજૂ કર્યા છે જે ગળે ઉતરે એવા નથી. ગીરનું જંગલ છેલ્લા એક દાયકાથી સિંહ પરિવારોને હેરાન કરવાનો મોજીલો પાર્ટી વિસ્તાર બની ગયું છે.

મૂળભૂત નિયમ એવો હતો કે ગીરમાં સિંહ દર્શન કરવા દિવસે જવાનું અને સંધ્યા ઢળે ને ગિરિકંદરાઓમાં અંધારા ઉતરી આવે એ પહેલા બહાર આવી જવાનું. આજે તો વિવિધ બહાના બતાવીને કે 'રોકડિયા' બહાના પરખાવીને અનેક પ્રવાસીઓ જંગલમાં રાત વીતાવવા લાગ્યા છે. સિંહના ઉપરા ઉપરી થતા અપમૃત્યુ એટલી ગંભીર ઘટના છે કે સિંહ ચાહકોએ એની સામે ઊહાપોહ કર્યો છે પરંતુ આ એ ચાહકો છે જેઓ રાત્રિના સિંહ હદ બહાર આવે તો એનો સો કિલોમીટર સુધી પીછો કરીને મોબાઈલમાં ક્લીપ બનાવે છે. સિંહને ચાહવાની રીત જ આખી પલટાઈ ગઈ છે જેને કારણે સિંહ પર ભીંસ વધતી જાય છે. સિંહના શરીરનું ઉષ્ણતામાન બહુ વધારે હોય છે, એને કારણે બપોરે એને હાંફ ચડે છે. આવા સમયે સિંહ મચ્છુન્દ્રી કે શેત્રુંજી જેવી નદીઓના ભીનાં રેતાળ પટમાં વિશ્રામ કરે છે. આખી બપોર પોતાના પરિવાર સાથે એણે ત્યાં પસાર કરવાની હોય છે. હવે લોકો છેક અંતરિયાળ એ નદીઓના પટ સુધી પહોંચીને ત્યાં સિંહને છંછેડવા લાગ્યા છે. અત્યારે તળ ગીરમાં સિંહ છે એનાથી ક્યાંય વધુ તો ગીરની બહાર છે. ગીરના જંગલને અલવિદા કહેવાની એની દાયકાજૂની શરૂઆત છે

# રાજુલાની મહિલા કોલેજ ખાતે વિધાર્થીની બહેનોને મતદાન અંગે જાગૃત કરવામાં આવ્યાં


રીપોર્ટરઃ-ધર્મેશ મહેતા રાજુલા

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ માં અમરેલી જીલ્લામા વધુમા વધુ મતદાન થાય તેવા ઉમદા હેતુથી જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાન પર્વના મહત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા વિવિધ પ્રકારના કાર્યક્રમો થકી મતદારોને ૧૦૦ ટકા મતદાન કરવા માટેના પ્રયત્નો હાથ ધરવામા આવી રહ્યા છે. ત્યારે તાલુકા વિકાસ અધિકારી હિતેષ પરમાર દ્વારા રાજુલા શહેરમાં આવેલ શ્રીમતિ એચ.બી.સંઘવી મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે વિધાર્થીની બહેનોને મતદાન અંગે જાગૃત કરવામા આવ્યાં હતાં. જેમા તમામને અવશ્ય અને અચૂક મતદાન કરવા ખાસ અનુરોધ કરી આગામી લોકસભા ચૂંટણીમાં યુવા મતદારો,સ્ત્રી મતદારો અને વયસ્ક મતદારો સહિત તમામ મતદારો વધુમાં વધુ મતદાન કરે તેવી અપીલ કરી કરી હતી. ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ વિશેની માહિતી આપવામા આવેલ તેમજ મતદાન



જાગૃતિ અંગેના આ કાર્યક્રમમા ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર મહિલાઓને વિડિયો દ્વારા મતદાન જાગૃતિ વિશેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમ અન્વયે દેશહિતમાં અચૂક મતદાનના શપથ લેવામા આવ્યાં હતાં. આ તકે તાલુકા વિકાસ અધિકારી હિતેષ પરમાર, કોલેજના બાલકૃષ્ણભાઈ ત્રિવેદી,રવિભાઈ વ્યાસ,ડો.જીગ્નેશભાઈ વાજા, આચાર્ય ડો. રીટાબેન રાવળ તથા શામજીભાઈ સોલંકી સહીતના હાજર રહ્યાં હતાં.

**૧૪ મી એપ્રિલ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન**






**શ્રીમતી કિરણબેન સંજયભાઈ વાળા ધારી ગ્રામ પંચાયત સામાજિક ન્યાય સમિતિ ચેરમેન અને પત્રકાર સંજય વાળા**

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

**Contact- 9725078721**

# ધર્મજાગરણ સમન્વય ચોટીલા સમિતિ દ્વારા પરિક્રમાનું આયોજન

ચોટીલા, તા. ૧૪ઃ ચોટીલા એ ભારત દેશનાં પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ મહત્વનું યાત્રાધામ છે. આ ઉપરાંત ચોટીલા તાલુકાનું મુખ્ય મથક પણ છે. ધર્મ જાગરણ સમન્વય આયોજિત ચોટીલા ડુંગર પરિક્રમા સમિતિ દ્વારા પ્લાસ્ટિક અને પ્રદૂષણ મુક્ત થીમ આધારિત આજે તા. ૧૪મી એપ્રિલના રવિવારે ચૈત્રી નવરાત્રી છઠ્ઠા નોરતે, તથા ડો.ભીમરાવ આમ્બેડકર જયંતિ ,ચોટીલા ડુંગર પરિક્રમાનું આયોજન કરાયું હતું. આ ધર્મોત્સવ અંતર્ગત સવારે ૮-૦૦ કલાકે નવગ્રહ મંદિર ખાતે સાધુ સંતો અને ધર્મ પ્રેમી આગેવાનો દ્વારા સભા બાદ ધ્વજા દંડની પૂજા બાદ પરિક્રમા યાત્રાનુ પ્રસ્થાન કરાવાયું. ચોટીલા ડુંગર પરિક્રમા ૦૬ કિલોમીટરના રૂટમાં દર ૮૦૦ મીટરના અંતરમાં પાણી, છાશ, શરબત તેમજ પરિક્રમાની પૂર્ણાહુતિ બાદ ચામુંડા ભોજનાલય મહાપ્રસાદનું આયોજન ૧૧ વાગ્યેથી બપોરે ૨-૦૦ દરમ્યાન કરાયું. ચોટીલા ડુંગર પરિક્રમા નવગ્રહ મંદિરથી નાના પાળીયાદ રોડ થઈને ખોડીયાર ગાળા અને કબીર આશ્રમ થઈ ચોટીલા ડુંગર તળેટીમાં અઢી કલાકે પૂર્ણ થઈ. સમગ્ર પરિક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ વેળા અમુક અમુક અંતરના કેમ્પો સાથે સાથે અનેક સ્વંયસેવકો ખડેપગે તહેનાત હતા. એટલું જ નહીં પરંતુ માઈ ભક્તોની આરોગ્ય સેવા માટે એક મેડિકલ ટીમ ૧૦૮, ફાયરટીમ પણ ઉપલબ્ધ હતી. આ જગત સુર અને અસુરોના સંગ્રામ ક્ષેત્ર છે. સર્વ શક્તિ પ્રદાનમાં અસુરોની શક્તિને પરાભૂત કરીને માઁસુર શક્તિનો વિજય અને આનંદ પ્રદાન કરે છે. સંકટ ભલે કેટલું મોટું અને પ્રબળ હોય, પરંતુ યથાર્થ ભાવથી માતાજીની સેવા -પૂજા કે પરિક્રમા કરવાથીઆપણાં પંથમાં સંગઠિત ધાર્મિક શક્તિ નિર્માણ કરવા માટે સામુહિક પરિક્રમા માટે ચોટીલા ડુંગર પરિક્રમા સમિતિ તથા ધર્મરક્ષા સમિતિ પ્રેમ બાપુ - શતરંગ (પરિક્રમા સમિતિ સંયોજક) અશોકસિંહ જાડેજા (પ્રાંત સંયોજક ધર્મ જાગરણ), સંદિપભાઈ શાહ, જયેશભાઈ શાપરા, (પરિક્રમા સમિતિ સહસંયોજક) ચોટીલા ડુંગર પરિક્રમા સમિતિ, નરસિંહભાઈ ચાદેગરા - તલાલા, દિનેશભાઈ જોપી - સુ.નગર હળવદ, ભરતસિંહ ડાભી - સુ.નગર, લાલભા ગઢવી, કિશોરભાઈ ભાલોડીયા - મોરબી, નરેન્દ્રસિંહ સરવૈયા - સુ.નગર, બકુલસિંહ રાણા, માયાભાઈ આહીર, થાનગઢ, દિપકભાઈ જાની, કૌશલભાઈ ઠાકર, વિનયભાઈ ચાવડા, જગદિશભાઈ કાપડી દ્વારા નિમંત્રણ હતું.કળિયુગ ડુબાડે..માં ચામુંડા ઉગારે... માં ચામુંડાના જય જય કારથી સુંદર રીતે પરિક્રમા પૂર્ણ થયેલ અને આ પરિક્રમામાં દરેક ધર્મ પ્રેમી લોકોનો સાથ સહકાર અને સહયોગ રહેલ છે, સવિશે સાધુ સંતો આવી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અને આપણી નું સંસ્કૃતિને જાગૃત કરેલ.




# જેતપુરમાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી



(સામના મિરર, સંવાદદાતા)

જેતપુર, તા. ૧૪ઃ ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિની દેશ અને રાજ્ય ભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ડો.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય બંધારણના ઘડવૈયા ડો બાબા સાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતી સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી રહી છે, દલિત સમાજના લોકો દ્વારા ઠેર ઠેર ઉજવણી કરવા માટે દિવસભર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતા, ત્યારે જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી ત્યારે જેતપુર શહેરના દલિત સમાજના વિવિધ વિસ્તારોમાંથી બાબા સાહેબ આંબેડકરની ભવ્ય રેલી કાઢવામાં આવી હતી, રેલી શહેરના મૂર્ગો ઉપર ફરી હતી, બાદ શહેરમાં સરદાર ગાર્ડન પાસે આવેલ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાએ પૂર્ણ કરી હતી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને દલિત સમાજ તેમજ રાજકીય, સામાજિક આગેવાનો, સહિતમાં લોકોએ ફુલહાર કરી જય ભીમ ના નારા લગાવ્યા હતા,રેલીમાં મોટી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી અને બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી ઉપરાંત જેતપુરના કણકિયા પ્લોટ વિસ્તાર પાસે હિન્દુ મુસ્લિમ એકતા ગ્રુપ દ્વારા રસનું વિતરણ કરવામાં આવ્યું છે.

# ધારીમાં ડો. ભીમ રાવ આંબેડકર સાહેબની ૧૩૩ની જન્મ જયંતીની થઈ ભવ્ય ઉજવણી




ધારી, તા. ૧૪ઃ ધારી ખાતે અનુસૂચિત જાતિના લોકો દ્વારા ડોક્ટરો ભીમરાવ આંબેડકર સાહેબના. ૧૩૩ માં જન્મદિવસની ખૂબ જ શાનભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અનુસૂચિત જનજાતિના પ્રમુખ એસ એસ પરમાર સાહેબના નેતૃત્વ હેઠળ એક ભવ્ય રહેલું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ રેલી બાબા સાહેબ ના સ્ટેચ્યુઓથી શરૂઆત કરીને લાઈબ્રેરી ચોક તેમજ યોગીચોક અને ધારી ખાતે આવેલ જીએન દામાણી હાઈસ્કૂલમાં લઈ જવામાં આવી હતી તેમજ દામણી હાઈસ્કૂલ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું તેમજ અનુસૂચિત જાતિના સમાજ દ્વારા જમવાની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ હતી આ તકે ધારીના પત્રકાર સંજયભાઈ વાળા દ્વારા ખાસ જેહમત. ઉઠાવવામાં આવી હતી અને આ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

# રાજકોટમાં ખેડૂત હાટમાં લોકો ઉમટયા




**■ આ ઓર્ગેનિક ખેડૂત હાટમાં ખેડૂતોને ડાયરેકટ માર્કેટિંગ થાય છે, વેચાણ પણ થાય છે, ઓર્ડર પણ મળે છે**

રાજકોટઃ રાજકોટમાં આત્મીય યુનિવર્સિટી ખાતે ઓર્ગેનિક ખેડૂત હાટ શરૂ થયો છે, રાજકોટના સાંસદ રહી ચૂકેલા ડો. વલ્લભભાઈ કથીરિયાની પ્રેરણાથી શરૂ થયેલા આ હાટમાં ખેડૂતો ઉત્સાહભેર જોડાયા છે. ખેડૂત હાટથી ખેડૂતો સીધુ માર્કેટિંગ કરી શકે છે.

આ અંગેની વિગતો આપતા ડો. કથીરિયાએ કહ્યુ હતું કે,આ ખેડૂતહાટમાં ૯૦૦ જેટલા ખેડૂતોએ જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પણ અમે પૂરેપૂરા ચકાસણી કરીને ૧૦૦ ખેડૂતોને જ લીધા છે. આ ખેડૂત હાટનું ઉદઘાટન મુંજકા આર્ષ વિદ્યા મંદિરના પરમાત્માનંદજીએ કર્યુ હતું આ પ્રસંગે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી પણ ઉપસ્થિત હતાં.

શનિવારે ભાજપના ઉમેદવાર પુરુષોતમભાઈ રૂપાલા અને ખોડલધામના પ્રણેતા નરેશ પટેલ પણ ઉપસ્થિત હતાં.

આ ઓર્ગેનિક ખેડૂત હાટના ફાયદાની વાત કરતા ડો. કથીરિયાએ કહ્યું કે,આ ખેડૂત હાટથી ખેડૂતો સીધુ માર્કેટિંગ કરી શકે છે,વેચાણ અને ઓર્ડર પણ મળે છે. લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ વેપારીઓ અને એક્સપોર્ટરો પણ ખેડૂતોને મળે છે.

તેમણે કહ્યું કે જે ખેડૂતો જોવા આવ્યા તે પણ પ્રોત્સાહિત થયા છેકે આ યોગ્ય છે.

## સાવરકુંડલામાં ગેર કાયદેસર રીતે સ્મશાનની જમીન પર બાંધકામ બાબતે આવેદનપત્ર પાઠવ્યું



રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

(સામના મિરર, સંવાદદાતા)

સાવરકુંડલા, તા. ૧૪ઃ બગડા વાસ અમરેલી રોડ સાવરકુંડલાના રહેવાસી ને.સરકાર શ્રી દ્વારા ફાળવેલું સ્મશાન (કબસ્તાન) જે હાથસણી રોડ પર આવેલું છે. તેમાં અમુક ઇસમો દ્વારા અને રાજકારણી લોકોએ સ્મશાન ની અંદર ગેર કાયદેસર રીતે કબ્જો કરેલ છે.અને ગેર કાયદેસર રીતે બાંધકામ કરે છે. સરકારશ્રી દ્વારા તે લોકો ને સ્મશાનની બહાર ૪૦*૮૦ની જમીનમાં કોમ્યુનિટી હોલ કરવાની ગ્રાન્ટ મળેલ છે.જેનો સર્વે નંબર ૩૯૩/૧ છે. જેની કોપી આપ સાહેબશ્રી ને મોકલી આપી છે અને ઉપરાંત તે લોકો અન્ય સમાજ ના લોકો પાસે થી એક લાખ સુધી ના ફાળા પણ ઉઘરાવેલા છે. આવનારા સમયમાં અમારા બગડા વાસનું સ્મશાન પુરું થય જાય તો અમો બગડાવાસના ૬૦ થી ૬૫. મકાનોમાં રહેતા માણસોમાં મરણ થાય તો અમે લોકો દાટવા ક્યાં જશું ? આ વાત ની જાણ થતાં અમે સમગ્ર બગડા વાસના લોકોએ વિરોધ કર્યો.પણ અમને અમુક ઇસમો દ્વારા ધમકી આવે છે તો આપ સાહેબશ્રી ને નમ્ર અરજ છે કે અમારી રજૂઆત ને ધ્યાન માં રાખી અમને ન્યાય આપવા આપ સાહેબશ્રીને અમારા બગડાવાસ તરફથી વિનંતી સાથે સાવરકુંડલા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું છે તેમ સમસ્ત બગડાવાસ દ્વારા જણાવ્યું હતું.

## સાવરકુંડલામાં ગોપી મંડળ દ્વારા શ્રી યમુનાજી છઠ્ઠ મહા ઉત્સવ ઉજવાયો



રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સાવરકુંડલામાં વર્ષોથી ગોપી મંડળ દ્વારા શ્રી યમુનાજીનો છઠ ઉત્સવ ઉજવવામાં આવે છે, એ જ પરંપરાગત રીતે આજ રોજ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે ગોપી મંડળ દ્વારા શ્રી યમુનાજી છઠ મહા ઉત્સવ ઉજવાયો હતો જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ બહેનો દ્વારા પોતાના ઘરેથી લોહાણા મહાજન વાડી ખાતે લોટીજી પધરાવી ને શ્રી યમુનાજી ના પાઠ સત્સંગ ધોલ પદ અને ભગવત નામનો અલૌકિક લાભ મેળવી ને દરેક વૈષ્ણવોએ પ્રસાદનો લ્હાવો લીધો હતો.

# ગેમિંગ ઝોન-ક્રિકેટ સટ્ટા માટે સીમકાર્ડ દુબઇ મોકલવાનું કૌભાંડ ઝડપાયુઃ ત્રણ ઝડપાયા

## ■ આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે ૧૪૫ સીમકાર્ડ જપ્ત કરાયાં

આણંદ, તા.૧૨ઃ આણંદના કરમસદ ગામમાં રહેતો શખ્સ જુદા જુદા નામના ૧૪૫ જેટલા સીમકાર્ડ એક્ટીવ કરાવી તેને દુબઇ લઇ જવાની ફિરાકમાં હતો.પરંતુ એસઓજીએ બાતમી આધારે દરોડો પાડી તેને પકડી લીધો હતો.તેની પુછપરછમાં નાપાડ વાંટાના બે શખ્સના નામ ખુલ્યાં હતાં.જેથી પોલીસે ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો.પ્રાથમિક તપાસમાં આ સીમકાર્ડ દુબઇ રહેતા કરમસદના યુવકને પહોંચાડવાનું ખુલતાં ચારેય સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે સ્થળ પરથી સીમકાર્ડ ઉપરાંત ડેબીકાર્ડ, ક્રેડિટ કાર્ડ પણ મળ્યાં હતાં. આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમને બાતમી મળી હતી કે, કરમસદના રામદેવપીર મંદિર પાછળ આવેલા સોમાભાઇ રેસીડેન્સી, મકાન નં.૨૭માં રહેતો ચિરાગ સુરેશ સોલંકી અલગ અલગ વ્યક્તિઓના નામ, સરનામાવાળા



એક્ટીવ કરેલા સીમકાર્ડનો જથ્થો દુબઇ લઇ જવા માટે પોતાના ઘરે રાખેલા છે.આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી ૧૦મી એપ્રિલની મોડી રાત્રે દરોડો પાડ્યો હતો.આ દરોડામાં ચિરાગ સોલંકી મળી આવ્યો હતો અને તેના ઘરની ઝડતી કરતાં બેડરૂમમાં આવેલા કબાટમાંથી અલગ અલગ ૧૪૫ સીમકાર્ડ તેમજ વિવિધ બેંકના અલગ અલગ નામવાળા ક્રેડિટ તેમજ ડેબીટ કાર્ડ મળી આવતાં ટીમ ચોંકી ગઇ હતી.

આ અંગે ચિરાગ સોલંકીની અટકાયત કરી પુછપરછ કરતાં તેણે કબુલાત કરી હતી કે, આ એક્ટીવ સીમકાર્ડ અલગ અલગ નામ, સરનામાવાળા વ્યક્તિઓના છે.આ સીમકાર્ડ નાપાડ ગામના સમર શહીદખાન રાઠોડ, જૈનુલઆબેદ્દીન રણજીત રાઠોડ મારફતે રૂ.૧,૨૫૦માં અલગ અલગ નામ સરનામાવાળા વ્યક્તિની જાણ બહાર એક્ટિવ કરવામાં આવ્યાં છે. આ કાર્ડ દુબઇ મોકલવાનાં હતાં.જ્યાં ઓનલાઇન ગેમિંગ ઝોનમાં, સટ્ટા બેટીંગમાં સીમકાર્ડનો ઉપયોગ કરવામાં આવનાર હતો. આ કાર્ડ જૈમિન ચીમન ઠાકોર (રહે.ગાયત્રી પાર્ક, કરમસદ) નામના શખ્સે દુબઇ ખાતે મંગાવ્યાં હતાં. આ જૈમિનને રૂ.૧૫૦૦માં વેચાણ આપવાનાં હતાં. આ ઉપરાંત ડેબીટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડ પોતે જાતે દુબઇ ખાતે ઉપયોગ કરતો હોવાનું જણાવ્યું હતું.

આ કબુલાત આધારે પોલીસે ચિરાગ પાસેથી મોબાઇલ, ૧૪૫ સીમકાર્ડ, ૧૪ જેટલા ડેબીટ- ક્રેડિટ કાર્ડ મળી કુલ રૂ.૪૨,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે આ અંગે વિદ્યાનગર પોલીસ મથકે ચિરાગ સુરેશ સોલંકી (રહે. કરમસદ), સમર શહીદખાન રાઠોડ, જૈનુલઆબેદ્દીન રણજીત રાઠોડ (રહે. નાપાડ વાંટા), જૈમીન ચીમન ઠાકોર (રહે. દુબઇ) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કોના - કોના નામના છે ડેબીટ કાર્ડ ?**

આણંદ એસઓજીએ કબજે કરેલા ડેબિટ કાર્ડમાં આકાશકુમાર સોલંકી, ચિરાગ સોલંકી, નિલેશકુમાર પટેલ, ચાંદની સોલંકી, પુષ્પાબહેન સોલંકી, નિલેશ પટેલ, મોનીકા પટેલ, બ્રિકેશ ગુપ્તા સહિતના ૧૪ જેટલા ડેબિટ કાર્ડ મળી આવ્યાં હતાં.

**દુબઇના શખ્સને પ્રત્યેક સીમકાર્ડ ૧૫૦૦ લેખે વેચાણ કરવાનું હતું**

દુબઇમાં રહેતા અને ભારતમાંથી સીમકાર્ડ મંગાવનાર જૈમીન ચીમનભાઇ ઠાકોર (રહે. મુળ ગાયત્રી પાર્ક, રામદેવપીર મંદિર સામે, કરમસદ, હાલ- દુબઇ) એ પ્રત્યેક સીમકાર્ડ રૂ.૧,૫૦૦માં વેચાણ આપવા માટે લીધા હોવાનું અને ડેબિટ તથા ક્રેડીટ કાર્ડ અંગત ઉપયોગ માટે લીધા હોવાનું કરમસદથી ઝડપાયેલા ચિરાગ સોલંકીએ કબુલ્યું હોવાનું જાણવા મળે છે.

# ઉપલેટામાં ઝુલેલાલ જયંતિની આસ્થાભેર ઉજવણી

## ■ મોટી સંખ્યામાં સીંધી સમાજના ભાઈઓ-બહેનો દર્શનાર્થે ઉમટ્યા

(સામના મિરર, સંવાદદાતા)

ઉપલેટા તા. ૧૪ઃ સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતની જેમ ઉપલેટા શહેરમાં પણ સિંધી સમાજના ભગવાન ઝૂલેલાલના ૫૭૪ માં જન્મ જયંતિની ખૂબજ આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં શહેરના વીજળી રોડ પર આવેલ ભગવાન ગુરૂનાનક મંદિરે સવારે મહા આરતી કરવામાં આવી હતી જેમાં ખૂબજ મોટી સંખ્યામાં સિંધી સમાજના ભાઇઓ અને બહેનો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. વહેલી સવારે પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી જેમાં સીધી સમાજના ભાઇઓ અને બહેનો ધૂન કિર્તન સાથે શહેરના માર્ગો પર ફરી વળ્યા હતા.

ગુરૂનાનક મંદિરે સિંધી સમાજના



ચેટીચાંદના પાવન પર્વને લઈને મંદિરમાં ત્રણ દિવસથી ભજન, કીર્તન, મહા આરતી સાથે હનુમાનજી અને રામ ભગવાનની પણ ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂનાનક મંદિરે ગીત સંગીતના કાર્યક્રમ યોજાયા હતા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયેલ ચેટીચાંદ પર્વની ભવ્ય અને વિશાળ શોભાયાત્રા ગુરૂનાનક મંદિરેથી નીકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી જેમાં અલગ અલગ જગ્યાએ રસ્તામાં દાતાઓ તરફથી ફ્રુટ સલાડ, શરબત અને બિસ્કીટના વિતરણ કરાયા હતા જેમાં રિલાયન્સ ટ્રેન્ડ્સ મોલ સામે આવેલ કુટવાળા નાનુભાઈ અટલાણી તરફથી દર વર્ષે આઈસ્ક્રીમ, ફ્રુટ સલાડ, શરબત જેવા અલગ અલગ પ્રસાદી રૂપે આપવામાં આવે છે ત્યારે આ વર્ષે ફ્રુટ સલાડનું પ્રસાદી રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું અને ગાંધી ચોક ખાતે બાબા કુટવાળા કિરપુભાઈ અને દીપકભાઈ બુટાણી દ્વારા શરબત પ્રસાદ રૂપે શોભાયાત્રામાં જોડાનાર દરેક ભાવિક ભક્તો ભાઇઓ અને બહેનોને વિતરણ કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શહેરના માર્ગો પર ફરીને ગુરૂનાનક મંદિરે રાત્રે પરત આવી હતી જ્યાં લંગર પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રે ૧૨ વાગ્યે કેક કાપીને ભગવાન ઝુલેલાલના જન્મ દિવસની આસ્થા અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સિંધી સમાજના પ્રમુખ પંજુમલભાઈ બુટાણીના માર્ગદર્શન હેઠળ બાબા કુટવાળા કિરપુભાઈ, અરવિંદભાઈ નારવાણી, દીપકભાઈ બુટાણી, રાજેશભાઈ અટલાણી, કનુભાઈ ભાયાણી, લખુભાઈ ગોદડીવાળા, મહેન્દ્રભાઈ સહિતના લોકો કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# યુવતી પર પાડોશી શખ્સે કર્યો નિર્લજ્જ હુમલો

**■ કુવાડવા રોડ પર બનાવ: શખ્સે બે વર્ષ અગાઉ પણ યુવતીની છેડતી કરી હતી**

રાજકોટ, તા.૧૪: શહેરમાં થોડાં સમય પહેલાં સામાકાંઠા વિસ્તારમાં ભગવતીપરા પુલ અને મોરબી રોડ પર વિદ્યાર્થીનીઓની બાઇકમાં ધસી આવેલા શખ્સોએ ગાળો આપી છેડતી કરી હોવાનું પોલીસમાં નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.આ મામલે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.ત્યારે ફરી એકવાર કુવાડવા રોડ રણછોડદાસ બાપુના આશ્રમ નજીક રહેતી અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી યુવતીનો પાડોશી શખ્સે હાથ પકડી લઈ નિર્લજ્જ હુમલો કરી છરી બતાવતા ગભરાયેલી યુવતીએ તેમના પરિવારને હકીકત જણાવી બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વધુ વિગતો મુજબ,કુવાડવા રોડ પર આવેલા રણછોડદાસ બાપુના આશ્રમ પાસે એક વિસ્તારમાં રહેતી યુવતીએ તેમના જ વિસ્તારમાં રહેતા વિજય દિપક ચુડાસમાનું નામ આપતા તેમની સામે કલમ છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.આ બનાવમાં હાલ બી ડિવિઝન પોલીસના પીઆઇ એસ.એમ.જાડેજાની રાહબરીમાં એએસઆઈ કે.સી.સોઢા અને સ્ટાફે આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે. યુવતીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે,પોતે પરિવાર સાથે રહે છે.તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે.તેણીને તેમના જ વિસ્તારમાં રહેતો વિજયે પથ્થરનો ઘા કરતા યુવતી તેમને સમજાવવા ગઈ હતી.જેથી યુવતી તેમના ઘર પાસે વિજયને સમજાવવા જતા વિજયે તેમનો હાથ પકડી લેતા તેમને હાથ છોડી દેવાનું કહેતા વિજય ઉશ્કેરાયો હતો અને તેમણે નિર્લજ્જ હુમલો કર્યો હતો તેમજ ગુસ્સામાં આવી તેમણે છરી બતાવી ઝઘડો કરવા લાગ્યો હતો.આ બનાવ બાદ ગભરાય ગયેલી યુવતીએ તેમના પરિવારને રડતા રડતા હકીકત જણાવતા તેમજ લોકો એકઠા થઇ જતા વિજયને ઝડપી લીધો હતો.આ અંગર બી ડિવિઝન પોલીસ મથકે પહોંચી વિજય વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી.આ મામલે હાલ એએસઆઈ કે.સી.સોઢા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે.પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે,અગાઉ બે વર્ષ પહેલાં વિજયે આ જ યુવતીની છેડતી કરી હતી ત્યારે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

# જસદણમાં ચાલતી રૂપારેલિયા પરિવારની ભાગવત કથામાં પરષોત્તમ રૂપાલાએ હાજરી આપી

જસદણ, તા. ૧૪: જસદણમાં ચાલતી રૂપારેલિયા પરિવારની ભાગવત કથામાં શુક્રવારે સવારે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલાએ ખાસ હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી આ અંગે અલ્પેશભાઈ રૂપારેલિયાએ જણાવ્યું હતું કે શુક્રવારે સવારે પરષોત્તમભાઈ રૂપાલા અમર નિમંત્રણને ખાસ માન આપી તેઓ ડો. ભરતભાઈ બોઘરા મોહનભાઈ કુંડારિયા રામભાઇ મોકરિયા અને ભાજપના તમામ હોદ્દેદારો આગેવાનો સાથે આવી અમારાં


અહેવાલ : હુસામુદ્દીન કપાસી-જસદણ

પ્રસંગની શોભામાં વધારો કર્યો હતો મુખ્યત્વે તેમણે રાજકીય નહી પણ તેમણે પ્રાસંગિક પ્રવચન કરતા ભાવિકજનોએ પણ ધન્યતા અનુભવી હતી લોકોના કામોમાં મોખરે રેહતા અલ્પેશભાઈ રૂપારેલિયાએ જણાવ્યું હતું કે અમારી કથા દરમિયાન હાજર રહેલાં ટોપ થી બોટમ સુધીના કાર્યકરો આગેવાનોનો આ તકે આભાર વ્યક્ત કરું છું ઉલ્લેખનીય છે કે જસદણ પંથકનાં પ્રવાસ દરમિયાન રૂપાલા ગેલ માતાજીના મંદિરએ દર્શન પણ કર્યાં હતાં આ ઉપરાંત વિરનગર જેવાં અનેક ગામોનો પ્રવાસ પણ કર્યો હતો.

# ભુજ નજીક અકસ્માતઃ બે સગાભાઈ સહિત ત્રણનાં મોત

**■ સોની પરિવાર સોમનાથ દર્શન કરીને પોતાના ગામ કચ્છ-માધાપર પરત ફરતા હતા**

(સામના મિરર, સંવાદદાતા)

ભુજ,તા.૧૨: ભુજ-ભચાઉ હાઇવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં બે ભાઇઓ સહિત ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે આઠ લોકો ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.અકસ્માતની વધુ મળતી માહિતી મુજબ,ભુજ-ભચાઉ ધોરી માર્ગ પર આજે વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં દીવ-સોમનાથથી દર્શન કરી પરત માધાપર આવતા સોની પરિવારની તુફાન જીપકારને પધ્ધર નજીક સૂઝલોન અને બીકિટી કંપની વચ્ચે અકસ્માત નડ્યો હતો. જેમાં માર્ગ પર કૂતરું આડું ઉતરતા તેને બચાવવા જતા જીપકાર ડાબી તરફના પુલિયાની દીવાલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી.

તુફાન ડિવાઇડર સાથે અથડાતા કારમાં સવાર માધાપરના સોની પરિવારના ત્રણ સભ્યોના ગંભીર ઇજાઓના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજયા હતા. જ્યારે આઠ સભ્યોને હળવાથી ભારે પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ઘાયલોને ભુજની જીકે જનરલ અને ખાનગી હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાંઆવ્યા છે. અકસ્માતની પ્રાથમિક માહિતીના આધારે પધ્ધર પોલીસે તપાસ હાથ ધરી છે.

અકસ્માતમાં જીવ ગુમાવનાર માધાપર ગામની બાપા દયાળુ સોસાયટીમાં રહેતા દિનેશ સુરેન્દ્ર સોની, તેમના ભાઈ મનોજ સુરેન્દ્ર સોની અને દિલીપ હિરજી સોનીનું ગંભીર ઇજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય આઠ લોકોને ગંભીર હળવાથી ભારે પ્રકારની ઇજા પહોંચી હતી. ઘાયલોને ૧૦૮ મારફતે સરકારી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ભોગ બનનાર દીવ ફરીને સોમનાથ દર્શન કરીને પરત ફરતા હોવાની પ્રાથમિક જાણકારી મળી છે.

# રાજુલાના મોટી ખેરાળી ગામ નજીક નેસડા વિસ્તારમાં ઈજાગ્રસ્ત સિંહનું મોડીરાતે વનવિભાગે રેસ્કયુ કરી સારવાર માટે ખસેડયો


રીપોર્ટરઃ ધર્મેશ મહેતા–રાજુલા

(સામના મિરર, સંવાદદાતા)

રાજુલા, તા. ૧૪ઃ રાજુલા વનવિભાગે મોટી ખેરાળી ગામ નજીક નેવડા વિસ્તારમાં એક ઈજાગ્રસ્ત સિંહનું રેસ્કયુ કરી સારવાર માટે ખસેડવામા આવ્યો હતો. દેશની શાન સમા એશિયાન્ટીક સિંહો એકમાત્ર ગુજરાતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે સિંહો માટે વનવિભાગ હંમેશા ખડેપગે રહેતું આવ્યું છે. શેત્રુંજી ડિવિઝનના રાજુલા રેન્જના મોટી ખેરાળી ગામે એક ઈજાગસ્ત સિંહની જાણ વનવિભાગને થતાં ગઈકાલે મોડીરાતે વનવિભાગ દ્વારા સિંહને બચાવવા માટે રેસ્કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અને જવલ્લે જ જોવા મળતી ઘટના વનવિભાગને જોવા મળી હતી. સામાન્ય રીતે સિંહબાળ હંમેશા માતા સિંહણ જોડે જ રહેતું હોય છે. પરંતુ અહીંયા ઈજાગ્રસ્ત સિંહ જોડે સિંહબાળ જોવા મળ્યું હતું. અને જો સિંહને પકડીને પાંજરે પુરવામા આવે તો તો સિંહબાળ એકલું રહે છે. અન્ય સિંહો દ્વારા સિંહબાળને મોતને ઘાટ ઉતારે તેવુ બની શકે છે. ત્યારબાદ રાજુલા વનવિભાગ દ્વારા મોટી ખેરાળી ગામના રેવન્યુ વિસ્તારમાં બે થી ત્રણ વર્ષના નર સિંહને પાંજરે પુરવામાં આવ્યો હતો. બે થી ત્રણ વર્ષનો સિંહના પાછળના જમણા પગે ઈજાગસ્ત થયો હતો. સાથે સાથે સિંહબાળને પાંજરે પૂરીને ઈજાગ્રસ્ત સિંહને સારવાર અર્થે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે. સિંહબાળને પણ તેની સાથે ખસેડવામાં આવ્યું હતું. રાજુલા વાઈલ્ડ લાઈફ આર.એફ.ઓ યોગરાજસિંહ રાઠોડ સહિત ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે. ત્યારે ઈજાગસ્ત સિંહને બચાવવામાં માટે રાજુલા વનવિભાગ સફળ રહ્યુ હતું.

## એડવોકેટ ભવનનો પ્લાન રીવાઈડઝ કરો

- **હોલ, ઓડિટોરીયમ, લાઈબ્રેરી, ઈન્ડોર ગેઈમ માટે સુવિધા મંગાઈ, સેન્ટ્રલી એસી સાથે ગ્રાઉન્ડ ફલોર પ્લસ પાંચ માળ કરવા માંગણી**

રાજકોટ તા.૧૩ઃ નવી કોર્ટ પાસે એડવોકેટ ભવન બનાવવાનું છે. આ અંગે એડવોકેટ ભવનનો પ્લાન રીવાઈડઝ કરવા માંગ કરાઈ છે. રાજકોટ બાર એસો.એ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ અન્ડ સેશન્સ જજને રજુઆત કરી છે.

રજુઆતમાં જણાવાયું છે કે રાજકોટ બાર એસોસીએશનના વકીલ સભ્યો માટે નવી કોર્ટ બિલ્ડીંગ કમ્પાઉન્ડમાં એડવોકેટ ભવન/ બિલ્ડીંગ બનાવવા માટે ફાળવવામાં આવેલ જગ્યા ઉપર બાંધકામ કરવા માટે ૧+૧ (ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોર)નો પ્લાન તૈયાર થયેલ હોવાનુ બાર એસોસીએશનને જાણવા મળેલ છે.

રાજકોટ બાર એસોસીએશનમાં વન બાર વન વોટમાં નોંધાયેલ કુલ ૩૫૫૫ વકીલ સભ્યો છે અને નોંધાયેલ વગરના પણ વકીલ સભ્યો હોય આમ રાજકોટ બાર એસોસીએશનના વકીલ સભ્યોની વિશાળ સ્ટ્રેન્થ લક્ષે લઈ તથા ભવિષ્યમાં વધનાર વકીલોની સંખ્યાને ધ્યાને લઈ એડવોકેટ ભવન માટે તૈયાર થયેલ પ્લાન રીવાઈઝડ કરવો અતી જરૂરી અને આવશ્યક બની ગયેલ હોય અને જો પ્લાન રીવાઈઝડ કરવામાં ન આવે તો રાજકોટ બારના વકીલ સભ્યોનો સમાવેશ કરવો અને રાજકોટ બાર એસોસીએશનના પેટા જુદા જુદા અનેક બાર એસોસીએશનને અલાયદી સુવિધાઓ/રૂમો ઉપરાંત સીનીયર/ જુનીયર/ મહીલાઓ માટે બેઠક વ્યવસ્થા, લાઈબ્રેરી, વેલફેર રૂમ, બારના કર્મચારીનો રૂમ વિગેરે હકીકતો લક્ષે લેતા ટુંક સમયમાં આર્કિટેકની નિમણુંક કરી જોઈતી સગવડતાઓ સંબંધે નકશાઓ તૈયાર કરી પુરા પાડશે.

## રાજુલા પ્રાંત અધિકારીને કાઠી ક્ષત્રિય સમાજે પરસોત્તમ રૂપાલા વિરુદ્ધ આવેદનપત્ર પાઠવ્યું


રીપોર્ટરઃ ધર્મેશ મહેતા–રાજુલા

રાજુલા, તા. ૧૪ઃ રાજુલા શહેરમાં પ્રાંત કચેરી ખાતે રાજુલા-જાફરાબાદ કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મોટી સંખ્યામાં એકત્રિત થઈને પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અને પરષોત્તમ રૂપાલા વિરૂદ્ધ સૂત્રોચાર કરવામા આવ્યાં હતાં. રૂપાલાની ટિકિટ રદ કરવામાં નહીં આવે તો ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે વાણી વિલાસ કરતા ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે. આ આવેદનપત્રમાં જણાવેલ કે, રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ પોતાના મત માટે જે રાજા રજવાડાઓ સરદાર વલ્લભભાઈ પટેલના એક અવાજ પર જે રજવાડા સમર્પિત કર્યા તે રજવાડાની બહેન દીકરી વિશે ટિપ્પણી કરી પોતાના મત માટે વાણી વિલાસ કરેલ છે. સમગ્ર ક્ષત્રિય સમાજને નીચો બતાવવા પ્રયાસ કરેલ છે તે ખૂબજ આઘાત જનક છે. સમગ્ર ગુજરાતમાં હાલ વિરોધ ચાલી રહ્યો છે. ત્યારે આજે અમરેલી જીલ્લાના રાજુલામાં પુરષોતમ રૂપાલા સામે વિરોધ જોવા મળ્યો છે. સમગ્ર દેશનો ક્ષત્રિય સમાજ નારાજ છે. ત્યારે રાજુલા-જાફરાબાદ તાલુકાના કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા માંગ છે કે, રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવામા આવે અને વાણી વિલાસ બહેનો માટે કરેલ છે તેની યોગ્ય તપાસ કરવામા આવે જેને લઈ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામા આવ્યું હતું.

# સાંઢીયા પુલને તોડવામાં ફરી મુદ્દત : હવે મે માસમાં તોડાશે : નવા કામમાં ચોમાસુ આવી જશે!

## સર્વિસ રોડનું કામ હજુ ચાલુ : આવતા મહિનાના પહેલા સપ્તાહમાં પુલ બંધ કરવા આવશે જાહેરનામું : વાહન ચાલકોને હાલાકી : બે વર્ષ સુધી અન્ય માર્ગો પર ભારણ વધી જશે



રાજકોટ, તા. ૧૪: જામનગર રોડ પર રહેલા છ દાયકા જુના સાંઢીયા પુલને તોડવામાં મુદ્દત પર મુદ્દત પડી રહી છે. ભોમેશ્વર મંદિર તરફ જતા રસ્તે પાકા ડાયવર્ઝનનું કામ હજુ ઓછામાં ઓછું પખવાડીયું ચાલે તેમ હોય, મે મહિનાના પહેલા માસથી આ પુલ તોડવાનું કામ શરૂ થઇ શકે તેમ છે. આથી નવા પુલનું કામ ચોમાસાના પ્રારંભે શરૂ કરવું પડે તેવી શકયતા છે.

સાંઢીયા પુલના નવ નિર્માણનું કામ ૬૨.૬૦ કરોડમાં આપવામાં આવ્યું છે. ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીએ તેનું ભૂમિપૂજન કર્યુ હતું. રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જે પૂરેપુરો જુનો પુલ તોડીને નવા ફોરલેન બનાવવામાં આવશે. હવે આ પુલ વાહન વ્યવહાર માટે આમ તો આંશિક જ ચાલુ છે. તે બંધ કરતા પૂર્વે ડાયવર્ઝન તૈયાર કરવાનું છે.

આ સર્વિસ રોડનું કામ ચાલી રહ્યું છે. જે પુરૂ થતા મહિનો પુરો થઇ જાય તેમ છે. આથી હવે મે મહિનાના પહેલા અઠવાડિયામાં પુલ બંધ કરવાનું જાહેરનામું બહાર પડે તેમ છે.

શહેરના જામનગર રોડથી પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલના નવનિર્માણ પૂર્વે ડાયવર્ઝનના રોડનું કામ મનપા તંત્ર દ્વારા ઝડપથી પુરૂ કરી રહી છે. આ સંજોગોમાં મે માસના પહેલા સપ્તાહમાં આ જુનો પુલ તોડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસ જાહેરનામુ બહાર પાડે તે બાદ વાહન વ્યવહાર માટે આ પુલ બંધ થશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

આ પુલના નવનિર્માણ માટે પુલ તોડવા એપ્રિલ મહિનામાં કામ શરૂ કરવા મનપા તંત્ર વાહકોએ જણાવ્યુ હતુ. હવે હજુ એક મહિનાનો સમય વધારી મે મહિનાની મુદ્દત આપવામાં આવી છે. આમ તંત્ર દ્વારા તારીખ પે તારીખ આપવામાં આવતા વાહનચાલકોમાં કટવાટ જોવા મળી રહ્યો છે.

વાહન વ્યવહાર માટે અસલામત જાહેર કરવામાં આવેલા સાંઢીયા પુલને તોડીને નવો બનાવવા માટેના કામનું ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીના હસ્તે તત્કાલ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રૂ. ૬૨ કરોડનો ખર્ચ આ માટે મંજુર કરવામાં આવ્યો છે. કોન્ટ્રાકટ ફાઇનલ થયો તે પૂર્વે લાંબા સમયથી આ બ્રીજના વૈકલ્પિક રસ્તા, ડાયવર્ઝન, કપાત સહિતની કાર્યવાહી મનપા કરતી હતી. અનેક અડચણો આવી હતી જે હવે દુર થઇ છે.

રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જેમાં જુનો પુરેપુરો પુલ ડિસ્મેન્ટલ કરવાનો છે. જુનો પુલ તોડીને નવો બનાવવામાં આવતો હોય તેવો આ પહેલો પ્રોજેકટ છે. આ પ્રોજેકટનું કામ બે વર્ષ ચાલે તેમ છે. પુલ પર ઘણા સમય પહેલા એંગલ મુકીને ભારે વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

હવે આ જુનો પુલ તોડવાનું કામ પહેલા હાથ પર લેવાનું હોય, મે માસમાં આ પુલ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે. મનપા ફાઇનલ તારીખ આપે તે બાદ પોલીસ કમિશ્નર આ માટેનું જાહેરનામું બહાર પાડશે. આ પુલનું કામ શરૂ થયા બાદ ઓછામાં ઓછા બે વર્ષ ચાલવાનું છે. આથી આ પુલ બંધ થાય તે બાદ શહેરના અન્ય રસ્તા પર ટ્રાફિકનું ભારણ અને અંધાધુંધી વધી જશે તે નકકી છે.

# જાફરાબાદના પીપળીકાંઠા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાને લઈને મહિલાઓએ હોબાળો મચાવ્યો

જાફરાબાદ, તા. ૧૪: જાફરાબાદ શહેરનાં પીપળીકાંઠા વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી પીવાના પાણીની ભારે તંગી સર્જાઇ હતી. આ વિસ્તારમાં નિયમિત પીનુ પાણી મળતું નથી. હાલમાં ઉનાળાની ઋતુ ચાલતી હોવાથી અસહ્ય ગરમી પડી રહી છે. આ કાળજાળ ગરમીમાં પાણી ન મળતા ભારે રોષ જોવા મળ્યો છે. અને પાણી માટે વલખા મારવા પડે છે. અવાર-નવાર સ્થાનિક લોકોએ નગરપાલિકામાં રજૂઆત કરવામા આવી હતી. છતાંપણ પાણીની સમસ્યાનો કોઇ ઉકેલ ન



આવતા આજે પીપળીકાંઠા વિસ્તારની ૧૦૦ જેટલી મહિલાઓએ રેલી યોજી કાઢીને ચીફ ઓફિસર અને મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. રેલી દરમિયાન સુત્રોચાર કરવામા આવ્યાં હતાં. અને પાણીના પ્રશ્નનુ વહેલામાં વહેલી તકે હલ કરવામા આવે તેવી માંગ કરાઇ હતી. તેમજ હલ નહીં થાય તો ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.15/4/2024 | MONDAY


## કોઈ વળતર વિનાની મંજુરી !!

# રેશનીંગનાં વેપારીઓને ઈ-શ્રમકાર્ડ સાથે રેશનકાર્ડ જોડવાની કામગીરી પધરાવી દેવાઈ!

### ■ અસંખ્ય વેપારીઓમાં પ્રવર્તતી ભારે કચવાટની લાગણી

રાજકોટ, તા.૧૩: કોઈને કોઈ રીતે વારંવાર ચર્ચામાં આવતા રેશનીંગનાં વેપારીઓને ફરી એક વાર મફતમાં મજૂરીની કામગીરી કરવાનો વખત આવતા ભારે કચવાટની લાગણી છવાઈ છે.

આ અંગેની વેપારી વર્તુળો માંથી, પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ તાજેતરમાંજ અસંગઠીત મજૂરોનાં સામૂહિક રીતે તંત્ર દ્વારા ઈ-શ્રમ કાર્ડ નિકળી ગયા.પરંતુ રેશનકાર્ડ ભુલાઈ ગયા હવે ફરીથી બન્નેને જોડવાની કવાયત શરૂ કરાવાઈ છે.શ્રમ મંત્રાલય દ્વારા અસંગઠિત મજૂરોને ઈ શ્રમ કાર્ડ પધરાવી દેવામા આવ્યા હવે સુપ્રીમ કોર્ટના આદેશબાદ ઈ શ્રમ કાર્ડ ધારકો પાસે રેશનકાર્ડ છે કે નહીં એ નક્કી કરવા માટે કવાયત ચાલી રહી છે તંત્ર ઊંધે માથે થયુ છે અને એફપીએસ હોલ્ડર્સથી લઈને ઘણાબધા અનઅધિકૃત લોકો પાસે આ કામગીરી કરાવવામાં આવી રહી છે.



વેપારી વર્તુળો માંથી મળતી વધુ વિગતો મુજબ ઈ શ્રમને રેશનકાર્ડ સાથે જોડવાની કામગીરી રેશનીંગનાં વેપારીઓને કોઈ પણ પ્રકારનાં વળતર વિના પધરાવી દેવામાં આવી છે. જે શ્રમિકો પાસે ઈ-શ્રમ કાર્ડ હોય તેઓની ખાસ યાદીઓ શ્રમિકનાં મોબાઈલ નંબર અને તેનાં એડ્રેસ સાથેની બનાવવામાં આવી છે.અને આવી યાદીઓ રેશનીંગનાં વેપારીઓને આપી દેવામાં આવી છે. આ યાદીના આધારે કોઈ પણ રીતે શ્રમિકોનો સંપર્ક કરી તેની પાસે રેશનકાર્ડ છે કે નહી ? અને જો રેશન કાર્ડ હોય તો, તેનાં અને ઈ-શ્રમ કાર્ડનાં નંબરો મેચ કરી બંન્ને કાર્ડને જોડવાની કસરત વેપારીઓ પાસે કરાવવામાં આવી રહી છે. આથી અનેક વેપારીઓમાં ભારે કચવાટની લાગણી પ્રસરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## પોલીસ કમિશ્નર મહિલા સેલની ટીમ દ્વારા ચકલીઘર તથા પાણીના કુંડા વિવિધ વિસ્તારમાં મુકાયા



ગઈકાલ તા.૧૧ના રોજ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા મહે.અધિક પો.કમી.સા.વિધિ ચૌધરી તથા નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા યાદવ તથા મદદનીશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર.એસ.બારીઆનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર આઈ.એન.સાવલિયા, WPC પ્રિયંકાબા ભીખુભા, ઠકઈ સોનલબેન લાલજીભાઈ, પૂર્વ વિભાગ શી ટીમના કર્મચારીઓ WPC પલ્લવીબેન બાબુભાઈ, ઠકઈ ધારાબેન હરેશભાઈ અને WPC મીનાક્ષીબેન ડાયાભાઈ સાથે આજીડેમ પોલીટેકનિક કોલેજ, પોલીસ હેડ ક્વાર્ટર એમ.ટી.વિભાગ, મહિલા પોલીસ સ્ટેશન તથા શહેરના અલગ અલગ વિસ્તારમાં હાલ ઉનાળાની ઋતુમાં ગરમીનું પ્રમાણ વધુ હોય તેમજ હાલના સમયમાં ચકલીઓનું પ્રમાણ ઘટી રહ્યું હોય આથી ચકલી બચાવ અભિયાન“ દ્વારા લુપ્ત થતી ચકલીઓ માટે ‘‘ચકલીઘર“ તેમજ ‘‘પાણીના કુંડા“ મૂકવામાં આવ્યા હતા.

# ચૂંટણીની ‘વાસ્તવિક’ પ્રક્રિયા પુર્વે જ નાણાંની રેલમછેલ, હવે કયાં પહોંચશે?

### ■ ગુજરાતમાંથી ૬.૫૪ કરોડ રોકડ-૨૭.૬૨ કરોડના સોના-ચાંદી જપ્ત

ગાંધીનગર, તા. ૧૪: રાજયમાં લોકસભા અને વિધાનસભાની પેટા ચુંટણી માટે મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા કાર્યરત કરાયેલી ૭૫૬ ફલાઈંગ સ્કવોડ દ્વારા કુલ ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચુંટણી દરમિયાન ગેરકાયદે નાણાંની હેરફેર ના થાય તે માચે ખાસ તપાસ કરવામાં આવતી હોય છે.

ચૂંટણી પંચ દ્વારા અપાયેલી માહિતી મુજબ ચુંટણી ખર્ચ દખરેખ અને નિયંત્રણ માટે રાજયમાં ૨૭ જનરલ નિરીક્ષકો, ૨૮ ખર્ચ નિરીક્ષકો અને ૧૪ પોલીસ ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે. ૭૫૬ ફલાઈંગ સ્કવોર્ડસ દ્વારા વિવિધ સ્થળે તપાસમાં વિવિધ ચીજવસ્તુ જપ્ત કરવામાં આવી છે.

જેમાં ૬.૫૪ કરોડ રોકડ, ૧૧.૭૩ કરોડની કિંમતનો ૩.૮૪ લાખ લીટર દારૂ, ૨૭.૬૨ કરોડની કિંમતનું ૪૫.૩૭ કિલો સોનુ અને ચાંદી, ૧.૭૩ કરોડની કિંમતના ૫૬૪.૪૯ કિલો પ્રતિબંધીત નશાકારક પદાર્થો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

તે સાથે મોટરકાર, મોટર સાઈકલ, સિગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની ૩૯.૨૦ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચુંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થવા સાથે રાજયભરમાં ૧૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ પણ કાર્યરત કરી દેવામાં આવી છે.

# રાજકોટ લોકસભા બેઠકના ખર્ચના ઓબ્ઝર્વર માધવચંદ્ર શર્મા સાથે કલેકટર સહિતના અધિકારીઓનો બેઠકોનો દોર

**કલેકટર કચેરીમાં પ્રથમ દિવસે જ ભાજપ-કોંગ્રેસ સહિત ૯૫ વ્યકિતઓએ ર૯૭ ઉમેદવારી ફોર્મ ઉપાડતા તંત્ર હરકતમાંઃ ક્ષત્રિય સમાજે ઉપાડેલા નામાંકનપત્રનો આંકડો ૧૮૦ઃ બ્રેઈન લીપીના મતપત્રો અમદાવાદ છપાશે**

## ■ સૌરાષ્ટ્ર-કચ્છની તમામ લોકસભા બેઠકના ઉમેદવારોના પોષ્ટલ બેલેટ રાજકોટ છપાશે

રાજકોટ તા. ૧૪ઃ રાજકોટ સહિત લોકસભાની ર૬ અને વિધાનસભાની ૫ બેઠકો માટે ચૂંટણીપંચ દ્વારા ગઈકાલે જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મની પ્રક્રિયા શરૂ થવા પામી છે. જેમાં રાજકોટ લોકસભાની બેઠક માટે ગઈકાલે એક જ દિવસમાં ભાજપ-કોંગ્રેસ સહિત ૯૫ વ્યકિતઓએ રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતેથી ર૯૭ જેટલા ઉમેદવારી પત્રો ઉપાડતા તંત્ર હરકતમાં આવી જવા પામેલ છે.

જેમાં ક્ષત્રિય સમાજ દ્વારા ઉપાડાયેલ નામાંકનપત્રનો આંકડો ૧૮૦ આંકડોને આંબી જવા પામેલ છે. ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે લડી લેવા પડકાર ફેંકાયો હોય



સોમવારે પણ કલેકટર કચેરીમાંથી વધુને વધુ નામાંકન પત્રો ઉપાડવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

લોકસભાની ચૂંટણીના આ નામાંકન પત્રોનું વિતરણ અને ભરેલા નામાંકન પત્રો સ્વીકારવાની અંતિમ તા.૧૯ એપ્રિલ નિયત કરવામાં આવી છે. ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટ લોકસભા બેઠક માટે પ્રથમ દિવસે જ ૧૮૦ નામાંકન પત્ર (ચૂંટણી ફોર્મ) ઉપાડી લેવાતા આ વિષય રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ભારે ચર્ચાનો વિષય બની જવા પામેલ છે.

દરમ્યાન રાજકોટ લોકસભા બેઠકની શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સુચારૂ રૂપથી યોજાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તંત્રે કમર કસી દીધી છે. જો કે તમામ પરિસ્થિતિ ઉપર વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભાની તમામ બેઠકના પોસ્ટર બેલેટ રાજકોટ ખાતે છપાશે. આ માટે વિશેષ રૂપથી આયોજન કરવામાં આવેલ છે. કલેકટર કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે તા.ર૦ના ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી અને ત્યારબાદ તા.રરના ભરેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ ઉમેદવારોના પોસ્ટલ બેલેટ પ્રિન્ટીંગ માટે મોકલવામાં આવશે.

જેમાં રાજકોટ ઉપરાંત, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, પોરબંદર, અમરેલી, અને કચ્છ તેમજ જુનાગઢ લોકસભા બેઠકના ઉમેદવારોના પોસ્ટર બેલેટ રાજકોટમાં છાપવામાં આવશે. સૂત્રોએ વિશેષમાં જણાવ્યું હતું કે બ્રેઈન લીપી (અંધજનો માટે)ના મતપત્રકો અમદાવાદમાં છપાશે. તેઓએ જણાવ્યું હતું કે લોકસભાના ઉમેદવારોને જે ફોર્મનું વિતરણ કરવામાં આવી રહ્યું છે તેમાં કાનૂની વૈધાનિક વાળો પાર્ટ અમદાવાદમાં છપાયો હતો. જયારે રૂટીન પાર્ટ રાજકોટ ખાતે પ્રિન્ટ કરવામાં આવેલ હતો.

રાજકોટ જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ હાલ લોકસભા બેઠક વિસ્તારમાં વધુને વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિના કાર્યક્રમો સતત આયોજીત કરવામાં આવી રહ્યા છે. આ દરમ્યાન રાજકોટ લોકસભા બેઠકના ખર્ચના ઓબ્ઝર્વર માધવચંદ્ર શર્મા ગઈકાલે રાજકોટ ખાતે આવી પહોંચ્યા બાદ આજે શનિવારની રજાના દિવસે પણ તેઓએ કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશી સહિતના અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ રાખ્યો હતો.

# જિલ્લાના પોલીંગ સ્ટાફ માટે સ્વૈચ્છિક તાલીમ

રાજકોટ, તા.૧૩ઃ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તરફથી રાજકોટ જિલ્લાના પોલીંગ સ્ટાફ માટે સ્વૈચ્છિક તાલીમનું આયોજન ૭૧ રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારના માસ્ટર ટ્રેનર દ્વારા કરવામાં આવેલ છે. આ તાલીમ થી તા.ર૦ સવારે ૧૧ થી બપોરે ર વાગ્યા સુધી, કોન્ફરન્સ હોલ, નિયામકશ્રી-જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.

જે કોઈ પણ પોલીંગ ઓફીસર/ કર્મચારી તાલીમ/ઈ.વી.એમ. હેન્ડસ ઓન લેવા માંગતા હોય તે પોતાના પોલીંગ ઓર્ડર સાથે ઉપરોક્ત સ્વૈચ્છિક તાલીમમાં હાજર રહી શકે છે. જાહેર રજા ના દિવસો દરમ્યાન પણ આ તાલીમ આપવામાં આવશે, તેમ રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્રની યાદીમાં જણાવાયું છે. પંચ દ્વારા પોરબંદર અને સુરેન્દ્રનગરના બે ડેપ્યુટી કલેકટરોની બદલી કરવામાં આવી છે. ચૂંટણીપંચની સુચનાથી આ બન્ને અધિકારીઓના ઓર્ડર ઈસ્યૂ કરી દેવામાં આવેલ છે.

જેમાં પોરબંદર જીલ્લામાં ડે.ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા હિરલ દેસાઈની સુરેન્દ્રનગર નર્મદા પ્રોજેકટમાં નિમણુંક કરવામાં આવેલ છે. જયારે સુરેન્દ્રનગરના ડિસ્ટ્રીકટ સપ્લાય ઓફીસર (પુરવઠા અધિકારી) તરીકે ફરજ બજાવતા પ્રિયંકકુમાર ગલચરની બદલી કરી તેને પોરબંદર ખાતે ડે.ડીસ્ટ્રીકટ ઈલેકશન ઓફીસર તરીકે નિમણુંક કરવામાં આવીછે.

# મંગળવારે ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ તથા સમસ્ત વાળંદ સમાજ દ્વારા ૩૭મો હવન મહોત્સવ

રાજકોટ, તા.૧૪ઃ ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ તથા સમસ્ત વાળંદ સમાજ રાજકોટ દ્વારા ૩૭મો હવન મહોત્સવ તા.૧૬ એપ્રિલના મંગળવારના રોજ વાળંદ સમાજની વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં માતાજીના યજ્ઞનો પ્રારંભ સવારે ૮ કલાકે મંગલયજ્ઞ, સવારે ૯ કલાકે શોભાયાત્રા વાળંદ સમાજની વાડી થી સેન મહાજન સર્કલ, બપોરે ૧ર બિડુ હોમવાનું, સાંજે ૭ કલાકે સન્માન સમારંભ અને સાંજે ૭ઃ૩૦ કલાકે મહાપ્રસાદ રેસકોર્ષ ખાતે યોજાશે. આ તકે શહેર પ્રમુખ ભાજપ મુકેશભાઈ દોશી, સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ મંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. કમિટિ ચેરમેન જયમીનભાઈ ઠાકર, સામાજીક ન્યાય મહિલા બાળ કલ્યાણ, ગુજરાત રાજય, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર પ્રદિપભાઈ ડવ, નિલેષભાઈ જલુ, વિજયભાઈ વાંક, શૈલેષભાઈ ડાંગર, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ભાજપ અગ્રણી કિશોરભાઈ રાઠોડ, એડવોકેટ પિયુષભાઈ શાહ અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઈ વાડોલિયા ઉપસ્થિત રહેશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.પ, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પ્લાસ્ટિકના દૂષણ પર તવાઈ : ૩૬૮ વેપારીને ૯૩ હજારનો દંડ

■ **જુદી જુદી દુકાનોમાંથી ૨૪ કિલો ઝબલા, ચા-પાનની કોથળીઓ જપ્ત : ૨૪ કિલો માલ જપ્ત કરતી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા**

રાજકોટ, તા. ૧૪: મહાપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઉપયોગ અને ગંદકી ફેલાવતા વેપારીઓ તથા નાગરિકો સામે ચાલતી ઝુંબેશમાં છેલ્લા ત્રણ દિવસમાં ૩૬૮ જેટલા લોકોને ૯૩ હજારથી વધુનો દંડ કરવામાં આવ્યો હતો. તો ૨૪ કિલો પ્લાસ્ટીક પણ જપ્ત કરવામાં આવ્યું છે.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અન્વયે તા. ૧૦ થી ૧૨ ત્રણ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૩૬૮આસામીઓ પાસેથી ૨૩.૯ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૩,૫૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪૬ આસામીઓ પાસેથી ૯.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી, ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૫૨૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. જ્યારે વેસ્ટ ઝોનમાં ૧૨૯ આસામીઓ પાસેથી ૯.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૪૬૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

સામાકાંઠાના ઈસ્ટઝોનના માર્ગો પર પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૯૩ આસામીઓ પાસેથી ૪.૯ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચના અને ડે. કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર, ના. ઈજનેર, આસી. ઈજનેર, એસઓ, એસઆઇ સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# રાજ્યભરમાં ૧૦ લાખ રેશનકાર્ડ શંકાસ્પદ ! તંત્રએ અલગ તાર્વ્યા

સ્થાનિક પુરવઠાનાં સ્ટાફ સાથે જ મીલીભગત કરી અનેક વેપારીઓએ કારસ્તાન કર્યાની ચર્ચાઃ આવા કાર્ડ જ્યાં-જ્યાં છે, ત્યાં ચૂંટણી બાદ પૂરવઠાની ઉચ્ચકક્ષાએથી તવાઈ ઉતરશે

રાજકોટ સહિત રાજ્યભરમાં પુરવઠા તંત્રમાં ભૂતીયા રેશનકાર્ડનું ભૂત અગાઉ વારંવાર ધુણતું હતું. જો કે ત્યારબાદ છેલ્લા કેટલાક સમયથી પુરવઠા વિભાગે રેશનકાર્ડ સહિતની મોટાભાગની કામગીરી ઓનલાઇન કરી દીધી છે. આ ઉપરાંત હવે લાભાર્થીઓને પણ ફીંગર પ્રિન્ટ લઈને જ માલનું વિતરણ કરવામાં આવે છે. આમ છતાં હજુ રેશનકાર્ડની બાબતમાં પારદર્શિતા રહી નથી. તેનો તાજો દાખલો છે હાલમાં રાજકોટ સહિત રાજ્યભરમાં ઉપસ્થિત થયેલા શંકાસ્પદ રેશનકાર્ડ.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં આજની તારીખે પણ ખુબ જ મોટી સંખ્યામાં શંકાસ્પદ રેશન કાર્ડ ઉપલબ્ધ છે અને આ રેશન કાર્ડ બાબતે ખુદ પુરવઠાના




સત્તાધિશો પણ માહિતગાર છે. પુરવઠા વિભાગની વિશ્વસનીય વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ રાજ્યભરમાં આજની સ્થિતિએ દસ લાખ જેટલા શંકાસ્પદ રેશનકાર્ડ ઉપલબ્ધ છે.

આ શંકાસ્પદ રેશનકાર્ડમાં ખાસ કરીને કોઈ એક પરિવારમાં પાંચ સભ્યો હોય તો તેની જગ્યાએ સ્થાનિક પુરવઠાનો અમુક સ્ટાફ અને વેપારીઓએ મીલીભગત કરી પાંચ પરિવારના સભ્યોની જગ્યાએ અન્ય ચાર ખોટા નામો ઉમેરી દેવાનું કારસ્તાન કરવામાં આવે છે.

વધુમાં પુરવઠા વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ શંકાસ્પદ રેશનકાર્ડમાં પરિવારના સભ્યોના મુળ નામ ઉપરાંત અન્ય ખોટા નામો પણ પુરવઠા સ્ટાફની સાથે વેપારીઓએ મીલીભગત કરી ઉમેરી દીધા છે અને આવા ખોટા નામોના આધારે વધુ માત્રામાં રેશનીંગનો જથ્થો ઉપાડવામાં આવી કાળાબજારના ધંધા ગોરખધંધા ચાલી રહ્યા છે. તેવું ખુદ પુરવઠાના ઉચ્ચ સત્તાધિશો પણ માની રહ્યા છે.

પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આવા દસ લાખ જેટલા શંકાસ્પદ રેશનકાર્ડને પુરવઠા નિગમના ઉચ્ચ સત્તાધિશોએ અલગ તારવી લીધા છે અને આવા આઇડેન્ટીફાઇ કરેલા શંકાસ્પદ રેશનકાર્ડ અને આવા કાર્ડ જ્યાં જ્યાં છે તેવા વેપારીઓનું લીસ્ટ પણ તંત્રએ બનાવી લીધું હોવાનું જાણવા મળી રહ્યું છે.

એવું પણ કહેવાય છે કે લોકસભાની ચૂંટણીઓ બાદ તૂરંત જ આવા શંકાસ્પદ કાર્ડ ધરાવતા વેપારીઓ ઉપર પુરવઠા તંત્રની તવાઈ ઉતરશે. અને આકરા પગલા લેવામાં આવશે.

# હવામાન પલ્ટો : જામજોધપુર પંથકમાં જોરદાર ઝાપટું વરસ્યુ

■ **માવઠાની આગાહી વચ્ચે અનેક સ્થળોએ તાપમાન ઘટતા ગરમીમાં રાહત : જામનગર જિલ્લામાં ઝાપટાથી ઠંડક**

રાજકોટ, તા. ૧૩: સૌરાષ્ટ્ર-ગુજરાતમાં માવઠાની આગાહી વચ્ચે ગઇકાલથી મહતમ તાપમાનમાં થોડો ઘટાડો થયો છે. અનેક સ્થળે વાદળછાયુ વાતાવરણ પણ છવાઇ રહ્યું છે. દરમ્યાન ગઇકાલે બપોર બાદ જામજોધપુરનાં ભોજા બેડી અને સમાણા પંથકમાં જોરદાર વરસાદી ઝાપટુ વરસી ગયું હતું.

જામજોધપુર પંથકના ભોજાબેડી સમાણા પંથકમાં શુક્રવારે બપોર બાદ વાતાવરણમાં પલટો આવતા અચાનક હળવા ભારે કમીસમી ઝાપટાઓ વરસ્યા હતા.અમુક સીમ પંથકમાં જોરદાર ઝાપટા પડવાના વાવડ મળ્યા છે.કમોસમી વરસાદ થવાથી ખેડૂતોમાં ચિંતા સાથે દોડધામ મચી જવા પામી હતી.

ઉનાળાના પ્રારંભ સાથે નવુ વેસ્ટર્ન ડીસ્ટબન્સ એકટિવ થતા ગુજરાત સહિત અમુક રાજ્યોમાં હવામાન પલટા સાથે કમૌસમી વરસાદની શકયતા પણ હવામાન વિભાગે દર્શાવી હતી.જે દરમિયાન જામનગરના જામજોધપુરના ભોજાબેડી, સમાણા નરમાણા પંથકમાં શુક્રવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ભારે તાપ સાથે ગરમી બાદ બપોરે હવામાનમાં પલટો આવતા હળવા ભારે કમૌસમી વરસાદી ઝાપટા પડ્યા હોવાના વાવડ મળ્યા છે.

જામનગર શહેર મા એકાએક ગઇકાલે સાંજે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને પવનની ગતિ વધી હતી અને વરસાદી વાતાવરણ સર્જાયું હતું જો કે તેના લીધે ઠડક પ્રસરી હતી. જામનગર શહેરમાં આજે મહતમ તાપમાનનો પારો ૩૫.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૫ નોંધાયું હતું.

# ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવા પ્રિમિયમ પ્રોજેકટનું બોલિવુડના પ્રખ્યાત અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે લોન્ચીંગ

## હિરાસર એરપોર્ટ નજીક જ ત્રણથી વધુ રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કર્યા





તસવીરઃ આનંદ સોમૈયા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર હરણફાળ વધી રહ્યું છે મસ્ત મોટા ભવ્ય અને વિશાળ પ્રોજેક્ટ રાજકોટની પેરી ફરી માં નિર્માણ દિન થઈ રહ્યા છે ત્યારે રાજકોટના આનબાન સમા ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ આસપાસ વિકસિત થઈ રહેલા ઘણા પ્રોજેક્ટમાં ભાવમાં ખૂબ ઉછાળો જોવા મળી રહ્યો છે અને તેજીના અણસારો દેખાઈ રહ્યા છે ત્યારે ઇન્ક્રેડીબલ ગ્રુપ કે જે હિરાસર એરપોર્ટ નજીક ત્રણથી વધુ રેસીડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી ચૂક્યો છે અને હવે આગામી સમયમાં ઈન્ક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવો પ્રીમિયમ પ્રોજેક્ટ લોન્ચિંગ કરી રહ્યા છે અને આ પ્રોજેક્ટનું લોન્ચિંગ બોલીવુડના પ્રખ્યાત અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે કરવામાં આવી રહ્યું છે આ પ્રોજેક્ટની ખાસિયતોની વાત કરીએ તો બાઉન્ડ્રી પેક સોસાયટી સાથે સાથે ક્લબ હાઉસ ,એન્ટ્રી ગેટ ,સિક્યુરિટી કેબિન રિવરફ્રન્ટ રસ્તા સાથેની તમામ સુવિધાઓથી ઇન્ક્રેડિબલ એરોસિટી પ્રાઈમ વિલા સજ્જ છે.ઇન્ક્રેડિબલ એરોસિટી પ્રાઈમ વિલાના લોન્ચિંગ પહેલા ગ્રુપ દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી પત્રકાર પરિષદમાં અભિનેતા સુનીલ શેટ્ટી સાથે ઈનક્રેડિબલ ગ્રુપ ઓફ કંપની ના ફાઉન્ડર  અતુલભાઈ વાઘેલા તથા કો ફાઉન્ડર યોગેશભાઈ સોલંકી  સાથે શ્રી રાજેશભાઈ ભારદ્વાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર પરિષદને સંબોધતા અભિનેતા સુનીલ શેટ્ટી એ જણાવ્યું કે,ઈવેન્ટમાં ચીફ ગેસ તરીકે આવવાનો મોકો મળતા ખુશી થઈ છે. એરપોર્ટ ની પાસે પ્રોપર્ટી ડેવલોપ થઈ રહી છે તે ખૂબ સારી બાબત છે.ઘણી ઉજળી તકો આ પ્રોપર્ટી સાથે મળી શકશે. ગુજરાત અને સૌરાષ્ટ્ર રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઉતરોતર પ્રગતિ કરી રહ્યા છે.ઈનક્રેડીબલ એરોસિટી પ્રેમ વિલા ની મેં ડિઝાઇન જોઈ છે ડિઝાઇન જોતા મને ખૂબ પસંદ પડી રહી છે. મુંબઈ કરતાં રાજકોટમાં હવે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઘણી ઉજળી તકો છે. ઇન્ટરનેશનલ એક્સપોર્ટ નિર્માણ થઈ ગયું છે એક વખત કનેક્ટિવિટી થઈ જશે તો આવી પ્રોપર્ટી માટે આ ઉજળી તક ગણી શકાય છે.પ્રોપર્ટીમાં ઇન્વેસ્ટ કરવાવાળી વ્યક્તિઓ આજે ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતમાં ઇન્વેસ્ટ કરી રહી છે.



PLATINUM
MAPLE WOOD PARK

વિશેષતાઓ

- રાજકોટથી આશરે ૨૭ કિમી દુર હિરાસર ખાતે બની રહેલ ગ્રીનફીલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટથી તદ્દન નજીક (જીવાપર બસ સ્ટોપથી ૧ (કિમી).
- બામણબોર જી.આઇ.ડી.સી. અને વિન્ડસર વિલાથી તદ્દન નજીક.
- ટાઇટલ ક્લીયર લોનેબલ રેસીડન્શીયલ પ્લોટીંગ.
- રાજકોટ ગ્રીનફીલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ (હિરાસર) થી માત્ર પંદર મીનીટ ના અંતરે
- આટલા નાના બજેટમાં પ્લોટ વસાવવાની ઉજવળ તક.
- છેલ્લા ૧૦ વર્ષથી સાચો રોકાણકાર વર્ગ શહેરથી દુરના ડેવલપીંગ એરીયામાં સેફ રોકાણ કરી ઉચ્ચ વળતર મેળવી રહ્યો છે.
- પ્લોટીંગની આજુબાજુ આવેલ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાંથી આવતા વ્યકિતઓ તથા એરપોર્ટ કર્મચારીઓ માટે સારી જગ્યા.
- ઇન્વેસ્ટરો માટે તદ્દન નજીકનું તથા ભવિષ્યમાં ઉચ્ચ વળતર આપે તેવું મનમોહક લોકેશન.
- કાયદાકીય પ્રશ્નોના નિવારણ માટે ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.



# ટેક્સ બચાવવા 'કાળા-ધોળા'કરતા ૫૦ રાજકીય પક્ષો પર ઈન્કમટેક્સ ત્રાટકશેઃ ડોનરોનું લીસ્ટ પણ તૈયાર

■ **કમીશન લઈને કાળા નાણાં કાયદેસરનાં કરી દેતા રાજકીય પક્ષોની સંખ્યા ગુજરાતમાં જ ૫૦ હોવાનો ખુલાસો**

અમદાવાદ, તા. ૧૩ઃ વર્ષોથી ચોક્કસ રાજકીય પક્ષો દ્વારા લોકો પાસેથી ફંડના નામે રૂપિયા લઈ નક્કી કરેલુ કમીશન વસુલી બાકીનાં રૂપિયા જે-તે દાતાને પરત આપી દેવાની પ્રેકટીસ ચાલી રહી છે જેને પગલે આવી પાર્ટી પર ઈન્કમ ટેકસની વોચ વધી છે. માત્ર ગુજરાતમાં જ આવી નોંધાયેલી ૫૦ થી વધુ રાજકીય પાર્ટીઓના આર્થિક વ્યવહારોની વિગતો આયકર વિભાગે એકત્રિત કરી લીધી છે.

હવે આવી રાજકીય પાર્ટીઓ અંગે અને તેમાં ડોનેશન પાર્ટીઓ અને તેમાં ડોનેશન આપનાર લોકોની તપાસ કરવામાં આવશે. સામાન્ય રીતે આવી પાર્ટીઓ મોટા વેપારીઓ ઉદ્યોગપતિઓને ડોનેશનના ૫ થી ૧૦ ટકા જેટલૂ કમીશન લઈને લાખો રૂપિયાનો ઈન્કમટેકસ બચાવી આપતી હોય છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે આવી



જ રીતે કમીશન લઈને ઈન્કમટેકસ બચાવી આપતી બનાવટી રાજકીય પાર્ટીનાં માસ્ટર માઈન્ડની ધરપકડ કરીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

ધો.૧૨ ફેલ યુવાને રાજકીય પક્ષ એનપીસીનાં નામનું બેંક એકાઉન્ટ ખોલાવી લોકોને ૧૦૦ ટકા ઈન્કમટેકસ રીબેટ આપવાની લાલચ આપી ૨.૮૦ કરોડ રૂપિયા ઊઘરાવી લીધા હતા. તેણે ૧૦-૧૫ લાખના કમીશન લઈને બાકીનાં પૈસા ડોનરોને પરત કરી દીધા હતા. આ બાબતે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે તપાસ કરીને કાંડ કરનાર મહમદ આમીર શેખને ઝડપી લીધો છે.

તેણે રાષ્ટ્વાદી કોંગ્રેસ પાર્ટી (એનપીસીના) ભળતા નામ એટલે કે નેચર્સ સિરીયલ પેકેજીંગ (એનપીસી) ના નામે બેંક એકાઉન્ત ખોલાવ્યું અને સોશ્યલ મિડિયા પર રાજકીય પક્ષ એનસીપીને ફંડ આપો અને ૧૦૦ ટકા ઈન્કમટેકસ રીબેટ મેળવો તેવી જાહેરાત કરી હતી. જે લોકોએ તેને રાજકીય પક્ષ એનસીપીની રીસીપ્ટ આપી હતી. હવે આ સમગ્ર કૌભાંડમાં ડોનેશનના નામે રૂપિયા આપનાર અને રૂપિયા પડાવનારને પરસ્પર એકબીજા સામે કોઈ જ વાંધો નહોતો. આ કૌભાંડની જાણ રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીનાં ખજાનચીને થઈ અને તેમણે ફરીયાદ નોંધાવી ત્યારે સમગ્ર મામલો સામે આવ્યો હતો.

ઈન્કમટેકસ વિભાગ ખાતેથી જાણવા મળતી માહીતી મુજબ આવી ઘણી રાજકીય પાર્ટીઓની વિગતો તેમણે મેળવી લીધી છે. ચૂંટણી ટાણે તેમની આર્થિક મુવમેન્ટ વધી જતી હોય છે.તેઓ નિયમીત રીતે કમીશન લઈને લોકોના ડોનેશનના રૂપિયા પરત આપતા હોય છે. માત્ર ગુજરાતમાં જ આવી ૫૦થી વધુ પોલીટીકલ પાર્ટીઓ સામે આગામી

# રેલનગરમાં રિક્ષાચાલકના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ દાગીના અને રોકડની ચોરી

■ **પરીવાર સાથે ગુંદાસરા ગામે પાણીઢોળમાં ગયાં બાદ તસ્કરોએ મકાનમાં તિજોરીનો લોક તોડી રૂ ૨૧ હજારનો મુદ્દામાલ ઉપાડી હવામાં ઓગળી ગયાઃ પ્ર.નગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી**

રાજકોટ. તા.૧૩ઃ રેલનગરમાં રિક્ષાચાલકના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ તિજોરીમાંથી દાગીના અને રોકડ મળી રૂ.૨૧ હજારનો મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટતાં પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રેલનગરમાં શાંતિકુંજ રેસિડેન્સીમાં બ્લોક નં. બી-૩ માં રહેતાં ભાવનાબેન કિશોરભાઈ નિમાવત (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા હતું કે, તેઓ ઘરકામ અને તેણીના પતિ રીક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

તેમની માતાનું ગઈ તા.૩૧/૦૩/૨૦૨૪ ના અવસાન થતાં તે તેના પિતાના ઘરે ગુંદાસરા ગામ હતી અને ગઈ તા.૧૧ ના તેણીના પતિ પણ સાંજના પાંચેક વાગ્યાની આસપાસ ઘરે તાળુ મારી ગુંદાસરા ગામ આવેલ અને ઘરની ચાવી બાજુમા રહેતા જમાઈ ભાવેશભાઈ દિલિપભાઈ પરમારને આપેલ હતી. ગઈકાલે તેઓ તેના પતિ, જમાઈ ભાવેશભાઈ તથા વિશાલગીરી સાથે ગુંદાસરા ગામે હોય ત્યારે તેના જમાઈ ભાવેશભાઈએ જણાવેલ કે, રાજકોટથી મારા માતા ભારતીબેનનો ફોન આવેલ કે, આપણી બાજુમા રહેતા તારા સાસુના મકાનમા લાઈટ ચાલુ છે અને મેઈન દરવાજાને પણ તાળુ મારેલ નથી.

જેથી તેણીએ તેના પતિને પુછતા તેઓએ જણાવેલ કે, મે તાળુ મારેલ હતુ તેવી વાત કરતાં તેણીએ તેના વેવાઈને અંદર જઈને જોવા માટેનું કહેતાં તેઓએ અંદર જઈને જોયુ તો મકાનનો મેઈન દરવાજાનો નકુચો તુટેલ અને મકાનની અંદર નીચ્ચેના આવેલ રૂમમા આવેલ લોખંડની તીજોરીનો લોક પણ તુટેલ હોવાની વાત કરતાં તેઓ ઘરે દોડી આવેલ તો મેઈન દરવાજનો નકુચો તુટેલ જોવામા આવેલ અને નીચેના માળે આવેલ રૂમમા લોખંડની તીજોરીનો લોક તુટેલ અને અંદર આવેલ ખાનુ પણ તુટેલ જોવામા આવેલ તિજોરીનો સર-સામાન વેર વિખેર જોવામા આવેલ હતો. તીજોરીમા ચેક કરતા ચાર સોનાની બંગડી રૂ.૧૦ હજાર, એક જોડી સોનાના બુટીયા રૂ.૧૦ હજાર, ચાંદીના રાણી સીક્કા ૩૦ નંગ તેમજ રોકડા રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૨૧ હજારનો મુદ્દામાલ કોઈ અજાણ્યો તસ્કર ઘરમાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીઆઈ ભાર્ગવ ઝણકાંત અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

### બુધવારે રાજકોટ જિલ્લાના રામોદમાં કુરિવાજાને ફગાવી ઐતિહાસિક લગ્ન સમારોહ યોજાશે

# સ્મશાનમાં વરરાજાનો ઉતારો, ભૂત-પ્રેતનું સરઘસ, કાળી સાડી, ઉંધા ફેરા, કુરિવાજોને તિલાંજલિ અપાશે

**બીધ્ધ સાથે વિજ્ઞાન જાથા વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ યોજાશે; કન્યા-માતા કાળી સાડીમાં જાન પક્ષનું ઓવરણા સ્વાગત કરશે. મુર્હુત-ચોથડીયાને દફનાવીને લગ્ન વિધિ યોજાશે; રાઠોડ પરિવારના સ્તુત્ય પગલાને જાથા બિરદાવશે**

રાજકોટ : કોટડા સાંગાણી તાલુકાના, રામોદ ગામમાં રામનવમી બુધવારે મનસુખ ગોવિંદભાઈ રાઠોડ પરિવારે સદીઓથી ચાલી આવતી માન્યતા-પરંપરાને કોરાણે રાખીને સ્મશાનમાં વરરાજા પરિવારને ઉતારો આપી, કુરિવાજોને તિલાંજલિ આપવાનો ઐતહાસિક લગ્ન સમારોહ યોજાવાનો છે તેમાં કન્યા પક્ષના મોભીઓ કાળા વેશ પરિધાનમાં જાનૈયાનું સ્વાગત કરી ઉતારો આપશે. બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ રાખવામાં આવ્યો છે.

રામોદમાં જાન કમર કોટડા નિવાસી મુકેશભાઈ નાજાભાઈ સરવૈયા પરિવારની આવવાની છે. જયેશ વરરાજાનું સ્વાગત રામોદની કન્યા પાયલ કાળી સાડીના વેશ પરિધાનમાં ભૂત-પ્રેતના સરઘસ સાથે કરશે. સામૈયામાં અશુભને તિલાંજલિ આપી નવતર કાર્યક્રમ યોજાવાનો છે. વર-કન્યાની લગ્ન વિધિ બૌધ્ધ અને વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુરૂપ યોજાશે. મુર્હુતચોઘડીયાને ફગાવી ઊંધા ફેરા રાખી બંધારણના સોગંદ બોલી શપથ ગ્રહણ કરશે.જાથાના ચેરમેન




એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે બુધવાર તા. ૧૭ મી એ જાથાની ટીમ રામોદ ગામમાં સવારે ૮ કલાકે પહોંચી ઐતિહાસિક લગ્ન સમારોહનું સંચાલન કરશે. પ્રારંભમાં સવારે ૯ થી ૧૦ એક કલાક સુધી સદીઓ જુની માન્યતાને ખંડન કરી સામૈયું, સ્મશાનમાં ઉતારો સાથે વર્ષો જુની માન્યતાને ફગાવવામાં આવશે. સમજણપૂર્વકનો લગ્ન સમારોહ સાથે અંધશ્રદ્ધાને નેસ્તનાબુદ કરવામાં આવશે. કન્યા પાયલ અને વરરાજા જયેશને લગ્નનું હાર્દ સમજાવી વૈજ્ઞાનિક મિજાજ કેળવવા સંબંધી હકિકત મુકવામાં આવશે. કાળી વસ્તુ, કાળું વસ્ત્ર જ જે અશુભ માનવામાં આવે છે તે છિન્ન મનોવૃત્તિ છે, હકિકત નથી. દ્રઢ મનોબળ કેળવાય તે સંબંધી આયોજન રાખવામાં આવ્યું છે. મુર્હુત-ચોઘડીયા માનવીએ બનાવેલ છે, કુદરત-પ્રાકૃતિક નિયમ સાથે કશી લેવા-દેવા નથી. લગ્ન સમારોહ આદર્શ દાંપત્યજીવન સાથે દ્રઢ મનોબળ કેળવાય સાથે લગ્નવિધિ સાચી હકિકત-તર્કદ્રષ્ટિ મુકવાનો કાર્યક્રમ છે. દેશમાં સૌને માનવા ન માનવાની બંધારણે અધિકાર આપ્યો છે. તે મુજબ સમગ્ર આયોજન કરવાના છીએ.

આ લગ્ન સમારોહને સફળ બનાવવા ગોવિંદભાઈ દાનાભાઈ, પ્રવિણભાઈ રાઠોડ, બાબુભાઈ રાઠોડ, મનસુખભાઈ ગોવિંદભાઈ, સુરેશભાઈ ગોવિંદભાઈ, જેન્તીભાઈ રાઠોડ, અંકિત મનસુખભાઈ અને હિરેન સુરેશભાઈ સહિત ગામના જાગૃતો અને મિત્ર મંડળ, જાથાના સદસ્યો જોડાવાના છે.








# ક્ષત્રિયોની રણસંગ્રામ પાર્ટ-૨ની જાહેરાતઃ રૂપાલાની ઉમેદવારી રદ કરાવવા ૧૯મી સુધીનું અલ્ટીમેટમ

**રાજકોટમાં સમગ્ર ગુજરાતમાંથી ૪ લાખ ક્ષત્રિય ઊમટ્યા, ૧૩ એકરના મેદાનમાં ૩ લાખ એકઠા થયા, ૧ લાખ ટ્રાફિકજામમાં ફસાયાઃ 'ક્ષત્રિય સમાજ સાથેનો અન્યાય આજે પણ સહન નહીં થાય અને કાલે પણ સહન નહીં થાય'**



તસવીરઃ આનંદ સોમૈયા





(સામના મિરર રાજકોટ)

રાજકોટ ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને લઈને ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત છે. જે અંતર્ગત આજે ૧૪ એપ્રિલે રાજકોટના રતનપરમાં ક્ષત્રિયોનું અસ્મિતા મહાસંમેલન છે. જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. રતનપરમાં અંદાજે ૧૩ એકર જગ્યામાં મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલ, રાજપૂત સમાજ સંકલન સમિતિના ચેરમેન ગોવુભા ડાડા, કોર કમિટીના પ્રવક્તા કરણસિંહ ચાવડા, સંકલન સમિતિના ગુજરાત રાજ્યના પ્રમુખ તૃપ્તીબા રાઉલ, કરણીસેના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા, વિરભદ્રસિંહ સંમેલનમાં હાજર રહ્યાં હતા. રૂપાલાની વિવાદાસ્પદ ટીપ્પણીને લઈ ક્ષત્રિયોએ ભાજપને ૧૯ એપ્રિલ સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે અને હવે રણસંગ્રામ પાર્ટ-૨ શરૂ કરવાની ઘોષણા કરી હતી. તેમજ ક્ષત્રિયોએ લડી લેવા માટે તૈયારીઓ બતાવી હતી.

રાજપૂત સમાજની કોર કમિટીના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, સમાજથી કોઈ મોટું નથી. તમને પૂછે કે રતનપરની સભામાં શું નક્કી થયું એમ પૂછશે તો શું કહેશો? ફોટો પડાવવા ગયા હતા? એવું કહેવાય છે કે, યુદ્ધની તૈયારી શાંતિના સમયમાં થાય. સંકલન સમિતિ અને કોર કમિટી તો નિમિત છે. પાર્ટ-૧ ભાજપના સત્તાધીશોને કહેવા માગું છું કે, પૂરો થાય છે. આજે લાખોની સંખ્યામાં ઉપસ્થિત ક્ષત્રિયોની હાજરીમાં હું ભાજપના હાઇકમાન્ડને કહેવા માગું છું. હવે પાર્ટ-૧ પૂરો થયો અને તમારા ખોળામાં દડો ફેંક્યો એટલે હવે ૧૯ એપ્રિલ સુધીનું અલ્ટીમેટમ આપીએ છીએ, કારણ કે જો ૧૬ એપ્રિલે ફોર્મ ભરેલું હોય તો ૧૯ એપ્રિલે પાછું ખેંચી શકાય.

કરણસિંહ ચાવડાએ આગળ કહ્યું કે, ભાજપનું તો સૂત્ર છે વ્યક્તિ સે દલ બડા ઔર દલ સે બડા દેશ તો રૂપાલા તમે દેશથી મોટા નથી, સમાજથી મોટા નથી. હવે ભાગ-૨ ચાલુ થશે. શાંતિ રાખી, સંયમ રાખ્યો, અમે સમુદ્ર માટે પણ તપ કર્યું હતું. આપણા મહાન રાજા રઘુ રાજ કરતા હતા ત્યારે રાવણ અયોધ્યામાં ખંડણી લેવા આવ્યો અને રઘુ રાજા તપમાં હતા. રાવણ પુષ્પક વિમાન લઈને ઉતર્યો. રાજ નેતા હવે હેલિકોપ્ટર લઈને આવશે મત લેવા માટે. રઘુ રાજાને ખબર પડી કે રાવણ અયોધ્યામાં સાલિયાણું માગવા આવ્યો છે, એટલે ત્યાં બેઠા બેઠા કીધું કે વાંધો નહીં તો પાછા જતા રહ્યો અને પાછા આવ્યા તો નામવેધી બાણ છોડ્યું અને રાવણ એમ બોલ્યા એટલે લંકા પહોંચ્યું અને મહેલની ફરતે ફરવા લાગ્યું. સતી એવી મંદોદરીએ કહ્યું ક્ષત્રિયનું છોડેલું બાણ છે એના નીતિ નિયમો હોય એ ગૌશાળામાં ન જાય, રાણીવાસમાં ન જાય, સ્ત્રી હોય ત્યાં ન જાય તો રાવણ મારા મહેલમાં આવી જાવ. તો રાવણ પણ સંતાઈ ગયો હતો. પાર્ટ-૨માં શું કરવું તે અંગે સંકલન સમિતિ નક્કી કરશે.

મહિપાલસિંહ મકરાણાએ સંબોધન શરૂ કરતા પહેલા તમામ લાઈટો બંધ કરાવી મોબાઈલ લાઈટો ચાલુ કરાવી જય રાજપૂતાના અને જયભવાનીના નારા લગાવ્યા હતા. તેમજ રૂપાલા હાય હાય નહીં બાય બાય કહેવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, તંત્ર સામે મારે કોઈ વેર નથી. હું પોલીસ તંત્રને કહેવા માગું છું કે, તમે ઉંઘ બગાડતા નહીં હું સીધો મારા ગામે જઈશ. આ ભાઈ લોકો તમારા માટે કાફી છે તેમને રોકી બતાવશો તો તમને માની જઈશ.

કાઠી સમાજના પ્રતાપભાઈએ જણાવ્યું હતું કે, હું અમરેલી જિલ્લાના જે ગામ જોગીદાસ ખુમાણના નામથી ઓળખાઈ એ કુંડલાથી આવું છું. આ મહાસાગર જ્યારે ઊમટ્યો છે, ત્યારે હું જોગીદાસ ખુમાણની નાવલીનું પાણી ઉમેરવા આવ્યો છું. જે વિસ્તારમાંથી ઘર નીકાલ કરીને ઉમેદવારને રાજકોટમાં મુક્યા છે, એ વિસ્તારમાંથી આવું છું. તમે જ વિચારી લ્યો કે શા માટે પોતાના વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં ઉમેદવારી કરવા જવું પડે? જે વિસ્તારની અંદર પોતે કામ કર્યા હોય ૫ વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ તરીકે તો શા માટે ત્યાંથી ટિકિટ ન આપી રાજકોટથી આપવામાં આવે? આ તો એવું થયું...કે ઘરની દાજી વનમાં ભાગી. એવી કહેવત છે જુની કે, ઘરની દાજી વનમાં ભાગી ને વનમાં લાગી આગ. આજે આ પરિસ્થિતીનું નિર્માણ થયું છે, ત્યારે હું પોતે પાંચ કિલોમીટર ચાલીને આવ્યો છું. આ રેલો દિલ્લી સુધી પહોંચી ગયો છે અને રાજપૂત સમાજની તમામ સહનશક્તિની સીમા આવી ગઈ છે. હવે કોઈ પણ પ્રકારની માફી તો હોવી જ ન જોઈએ. પહેલાના જમાનામાં આપણા સમાજની અંદર જયચંદો હતા અને અત્યારે પણ છે. પ્રતાપભાઈએ આગળ કહ્યું કે, આજનો દિવસ જેણે યાદ કરવા પડે, જેણે આપડું બંધારણ ઘડ્યું એ બાબા સાહેબનો આજે ૧૪ એપ્રિલે જન્મદિવસ છે. ત્યારે તેના સંગઠનના બદા સભ્યો આવ્યા છે આપણે ટેકો આપવા આવ્યા છે. ત્યારે ઘણો સમય થયો છે આટલી સંખ્યાની લોકો ભેગા થયા છે, ત્યારે આ ગ્રાઉન્ડની અંદર આટલી મોટી સંખ્યા છે, ત્યારે મારે વધારે કઈ કહેવું નથી, પણ તમે જોજો આ વિસ્તારની અંદર બંદોબસ્તમાં ખાસ અધિકારીઓની પસંદ કરીને કરીને ગુજરાતમાંથી લાવવામાં આવ્યા છે.

# @ કોઠારીયા 80 ફૂટ મેઈન રોડ,

## 80/25 રોડના કોર્નરનો ફુલ્લી કોમર્શિયલ પ્રોજેક્ટ

**દુકાનો** | **શો-રૂમ** | **ઓફિસ**

Ready Possession


SARDAR ARCADE




કોઠારીયા મેઈન રોડ, 80 ફૂટ મેઈન રોડ, સરદાર ચોકથી નજીક, રાજકોટ.

: 99043 48013 I 99043 48014

શ્રી ગણેશાય નમઃ




# આઈ શ્રી મોગલધામ



**મોગલ માં નું મંદિર બનાવવાનું છે.**

**તેના માટે મોગલ માં ના ૫૧ યજ્ઞ કુંડનું આયોજન રાખેલ છે.**

તા. ૨૧-૪-૨૦૨૪ ને ચૈત્ર સુદ-૧૩ ને રવિવારના રોજ રાખેલ છે. આ મોગલ માં ના ૫૧ યજ્ઞ કુંડમાં કોઈ ભકતોને બેસવાની ઈચ્છા હોય તો તે નીચેના નંબર પર સંપર્ક કરવો.

આયોજક :-
પુંજાભાઈ રબારી Mo. 8511337385
શૈલેષભાઈ ભરવાડ Mo. 9033100481
માતાજી રબારી Mo. 9033440334
નિર્મળાબેન અગ્રાવત Mo. 7622995342

સ્થળ :- મોગલધામ, નાગેશ્વર મંદિર પાસે, ભવાની ચોકથી ડાબી બાજુ, ઘંટેશ્વર હોટલની સામે, જામનગર રોડ, રાજકોટ.



**મધુવન કોચિંગ કલાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.**

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬

ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ કલાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT



**નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ**

Mo.9898317826



AM TRADING
*લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ
QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Medam : 63555 17630
AM trading
am_trading71

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**


મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062